પત્રમાં તેમણે કહ્યું- હું જીવવા ઈચ્છુ છું. હું મારા વિદ્યાર્થીઓ, શિક્ષણ અને તે કામ તરફ પરત ફરવા ઈચ્છુ છું જેણે મારા જીવનને અર્થ આપ્યો છે. પરંતુ હું તે યુવા લોકોની કિંમત પર આવું ન કરી શકું, જેના માટે આ આંદોલન શરૂ થયું હતું.

સોનમ વાંગચુકે સરકારને અપીલ કરી છે કે સરકાર તે આશ્વાસન આપે કે આંદોલનમાં સામેલ થનાર કોઈપણ યુવા પ્રદર્શનકારી વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં નહીં આવે. તેમનો ગુનો માત્ર એટલો છે કે તેમણે જવાબદાર શિક્ષણ વ્યવસ્થા માટે અવાજ ઉઠાવ્યો. તેમણે કહ્યું- જો મને આ વિશ્વાસ અપાવવામાં આવે છે તો હું તે ભરોસા સાથે મારૂ અનશન સમાપ્ત કરીશ કે સરકારે ન માત્ર મારી અપીલને સાંભળી પરંતુ લાખો યુવા ભારતીયોની આકાંક્ષાઓને પણ સમજી.

વિદ્યાર્થી આંદોલન અને તેના અનુસંધાનમાં સર્જાયેલા વિવાદ વચ્ચે સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહ અને કેન્દ્રીય આરોગ્યમંત્રી જે.પી. નડ્ડાને પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે વિદ્યાર્થીઓની વિવિધ માંગણીઓને ધ્યાનમાં લઈને તાત્કાલિક સંવેદનશીલ નિર્ણય લેવા અપીલ કરી છે. સોનમ વાંગચુકે શિક્ષણમંત્રીની જવાબદારીના મુદ્દે સંસદમાં ચર્ચા કરવાની માંગ કરી છે. સાથે જ આપઘાત કરનારા વિદ્યાર્થીઓના પીડિત પરિવારોને યોગ્ય વળતર આપવામાં આવે તેવી રજૂઆત પણ કરી છે.

ધરણાં સામે ધરણાંની રાજનીતિ

પટણા, જયપુર, ભોપાલમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો બાખડ્યાં

નવી દિલ્હી, તા.૨૨

દેશમાં શિક્ષણ વ્યવસ્થા અને પરીક્ષા કૌભાંડોને લઈને શરૂ થયેલું આંદોલન હવે દિલ્હીથી નીકળીને સમગ્ર દેશમાં વ્યાપક બની ગયું છે. જંતર-મંતરથી શરૂ થયેલું આ પ્રદર્શન હવે દેશના અનેક રાજ્યોમાં ફેલાઈ ચૂક્યું છે, જેને કારણે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. એક તરફ કોંગ્રેસ સહિતના વિપક્ષી દળો, વિદ્યાર્થીઓ અને સામાજિક સંગઠનો સાથે મળીને સરકાર ઘેરી રહ્યા છે, તો બીજી તરફ ભાજપ પણ વળતો પ્રહાર કરી રહ્યું છે. સંસદ માર્ચ દરમિયાન ઘર્ષણ અને રાહુલ ગાંધીની અટકાયત બાદ ધરણાં સામે ધરણાંની રાજનીતિ તેજ બની છે, જેના પરિણામે પટણા, જયપુર અને ભોપાલ જેવા શહેરોમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો સામસામે આવી ગયા છે અને બંને પક્ષો વચ્ચે ભારે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા છે.

બુધવારે કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી દળોએ સંસદ પરિસરમાં મકરદ્વારની બહાર જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. કેન્દ્ર સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવવા માટે અનેક સાંસદો કાળા કપડાં પહેરીને આવ્યા હતા. આ આંદોલનની શરૂઆત જંતર-મંતરથી થઈ હતી, પરંતુ વિરોધ વધતાં પ્રદર્શનકારીઓએ સંસદ તરફ માર્ચ કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે બેરિકેડ લગાવીને તેમને રોકતા અનેક સ્થળોએ ઘર્ષણ અને લાઠીચાર્જની ઘટનાઓ બની હતી. પોલીસે કેટલાક પ્રદર્શનકારીઓની અટકાયત પણ કરી હતી. સોશિયલ મીડિયા પર ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓની તસવીરો અને વીડિયો વાઈરલ થતાં સમગ્ર દેશમાં ભારે ચર્ચા જાગી છે.

આ ઘટના બાદ કોંગ્રેસે સરકાર પર વિરોધ પ્રદર્શન દબાવવાનો આરોપ લગાવ્યો હતો. રાહુલ ગાંધી સહિત પાર્ટીના અગ્રણી નેતાઓ વિદ્યાર્થીઓના સમર્થનમાં આવ્યા હતા. દિલ્હીમાં પ્રદર્શન દરમિયાન રાહુલ ગાંધીની પોલીસે અટકાયત કરી હતી, જેને કોંગ્રેસે વિદ્યાર્થીઓનો અવાજ દબાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો. સામે પક્ષે સરકારે પલટવાર કરતા જણાવ્યું હતું કે વિપક્ષ આ મુદ્દાનું રાજકારણ કરી રહ્યો છે.

લલિત મોદી ૧૬ વર્ષ પછી ભારત પરત ફરશે

નવી દિલ્હી, તા.૨૨

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ના પ્રથમ ચેરમેન લલિત મોદીને ૨૦૦૯ આઈપીએલ-સાઉથ આફ્રિકા FEMA મામલામાં મોટી કાયદાકીય રાહત મળી છે. SAFEMA (Smugglers and Foreign Exchange Manipulators-Forfeiture of Property-Act) નીએપેલેટ ટ્રિબ્યુનલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના મોટા ભાગના નિષ્કર્ષો અને લગાવવામાં આવેલા દંડને રદ કર્યો છે. નિર્ણય બાદ લલિત મોદીએ કહ્યું કે ૧૬ વર્ષથી જે સત્યની વાત સતત તેઓ કરતા રહ્યાં, હવે તેના પર અદાલતની મહોર લાગી છે. નિર્ણય બાદ લલિત મોદીએ પોતાની પ્રતિક્રિયામાં કહ્યું- હું આ નિર્ણયથી ખુશ છું. કાલનો દિવસ મારા માટે શાનદાર રહ્યો. છેલ્લા ૧૬ વર્ષથી હું આ લડાઈ લડી રહ્યો હતો. મીડિયા અને બધા લોકોને હું જે કહતો હતો, તે આખરે સત્ય સાબિત થયું. મને ખુશી છે કે ટ્રિબ્યુનલે મારા પક્ષમાં ચુકાદો આપ્યો.

હોર્મુઝ બાદ નવો માર્ગ પણ ઠપ : ભારત-ચીન આવતા સાઉદીના ઓઈલ ટેન્કર્સનો યુ-ટર્ન

નવી દિલ્હી, તા.૨૨

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધની વચ્ચે જે વાતનો સૌથી મોટો ડર હતો તે જ આખરે સામે આવ્યું છે. સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બાદ હવે બીજો વોર ફ્રન્ટ ખુલી ગયો છે. યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોની ખુલ્લી ધમકી બાદ ભારત અને ચીન તરફ આવી રહેલા બે ક્રૂડ ઓઈલના ટેન્કર્સને યુ-ટર્ન લેવાની ફરજ પડી છે.આ બંને ટેન્કર્સે રેડ સીમાં આવેલા સાઉદી અરેબિયાના યાનબૂ બંદરથી ભારત અને ચીન માટે ક્રૂડ ઓઈલ લોડ કર્યું હતું. તેમની યોજના મુજબનો માર્ગ બાબ-અલ-મંદેબ થઈને હિંદ મહાસાગરમાં પ્રવેશવાનો હતો. પરંતુ હુથી બળવાખોરો તરફથી મળેલી હુમલાની ધમકીઓને કારણે આ જહાજો હિંદ મહાસાગર તરફ જવાના બદલે ઊંધા ફરીને સ્વેઝ નહેર તરફ આગળ વધી ગયા છે. હવે આ ટેન્કર્સને ખૂબ જ લાંબો રસ્તો કાપીને પોતાની મુસાફરી પૂરી કરવી પડશે.ઉત્તરી અને પશ્ચિમી યમન પર નિયંત્રણ ધરાવતા હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયાની નૌસૈનિક ઘેરાબંધીની જાહેરાત કરી છે. તેમણે શિપિંગ કંપનીઓને પત્ર લખીને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જે પણ જહાજ સાઉદી ઓઈલ લોડ અથવા અનલોડ કરશે તેના પર સીધો હુમલો કરવામાં આવશે. યુદ્ધના કારણે ખાડી દેશોમાંથી બહાર નીકળવાનો મુખ્ય માર્ગ 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ' પહેલેથી જ બંધ થઈ ગયો છે, જેથી સાઉદી અરેબિયા માટે રેડ સી ઓઈલ નિકાસ માટેનો મુખ્ય વિકલ્પ બન્યો હતો. યાનબૂ પાઈપલાઈન દ્વારા દરરોજ લાખો બેરલ સાઉદી ઓઈલ આ જ માર્ગે મોકલવામાં આવતું હતું, પરંતુ હવે અહીં પણ નવો મોરચો ખુલતા મોટું સંકટ ઊભું થયું છે.આ નવો તણાવ ઊભો થતાં જ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની કિંમતોમાં ૨%થી વધુનો વધારો નોંધાયો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત ૯૧ ડોલર પ્રતિ બેરલને વટાવી ગઈ છે, જ્યારે અમેરિકન ગેસોલીનની કિંમત ફરી એકવાર ૪ ડોલર પ્રતિ ગેલનથી ઉપર પહોંચી ગઈ છે.આ સમગ્ર ઘટનાક્રમ પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે હુથી બળવાખોરોએ હજુ સુધી બાબ અલ-મંદેબનો માર્ગ સંપૂર્ણપણે બંધ કર્યો નથી. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો તેઓ આવું કરશે તો તેમની સામે સખત કાર્યવાહી કરવામાં આવશે.

આયુર્વેદ સંકુલ

નિઃશુલ્ક નિદાન અને રાહતદરે સારવાર, વૈદ્યરાજ હરિનાથ ઝા દ્વારા શ્રી હરિ આગમન સુવર્ણ મહોત્સવ પ્રસંગે વિનામૂલ્યે નિદાન. અને ઓછા ખર્ચે સારવાર ૧ વર્ષ સુધી આપવામાં આવશે.

સ્થળ : આયુર્વેદ સંકુલ, અંબિકા ચોક, નવા બસ સ્ટેન્ડ પાછળ, આણંદ.

Mo.98250 89524

પશ્ચિમ રેલવે
અમદાવાદ ડિવિઝન

LCની નાબૂદી અને બ્રિજના પુનઃનિર્માણના સંબંધમાં OHE ફેરફાર કામ

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TRD/ADI/26 (2026-27) તારીખઃ 21.07.2026
ટેન્ડર નં. TRD-ADI-T-14R-2026-27

કામનું નામઃ ગાંધીધામ-ન્યુ ભુજ - નલિયા સેક્શનઃ LCની નાબુદી અને બ્રિજના પુનઃનિર્માણ અને ગર્ડર બદલીકરણ કામના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૭૨,૪૭,૧૬૫/- **અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૪૫,૦૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૮-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૧૮-૦૮-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું :** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમરાપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in ADI-112

આપને ગમે તો ફરો: facebook.com/WesternRly

પ્રભાત

આંતરરાષ્ટ્રીય અપરાધ ન્યાયાલયને બચાવવાની જરૂર

કોઇપણ સંસ્થાના પતન પાછળ હંમેશા કોઇ મોટો ગોટાળો કે સનસનાટી વાળી ઘટના હોતી નથી. ઘણી વખત આવી બાબતો સંસ્થાની પ્રકિયાનો એક ભાગ હોય છે. જ્યાં વિનાશક કૃત્યોને સદ્‌ભાવના પૂર્વકની તપાસ તથા જવાબદારીની ભાષા પાછળ સંતાડવામાં આવે છે. આથી જ્યારે પ્રજાને ષડયંત્રની જાણ થાય છે ત્યારે ઘણું મોડું થયું હોય છે હેગ સ્થિત આંતરરાષ્ટ્રીય અપરાધ ન્યાયાલય (આઇસીસી)ના મુખ્ય કાર્યકર્તા કરીમ ખાન વિરૂધ્ધ ચાલતા અભિયાનમાં આ બાબત પૂરવાર થઇ છે તાજેતરની ઘટનાઓ આ ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે અમેરિકા તથા ઇઝરાયલ ઘણા મહિનાઓથી પ્રયાસ કરી રહ્યું છે. આ ઘટનાની વાત વર્ષ ૨૦૨૪થી શરૂ થાય છે ત્યારે અમેરિકાના સીનેટરોના એક જૂથે ખાનને ચેતવણી આપી હતી અને સીધી ધમકી આપી હતી કે જો તેમણે ઇઝરાયલના પ્રધાનમંત્રી નેતન્યાહુ વિરૂધ્ધ યુધ્ધ અપરાધો માટે ધરપકડનું વોરંટ ઇશ્યુ કર્યું તો તેઓ સ્વયં નિશાના પર આવી જશે. પરંતુ આ ધમકીથી ડર્યા વગર ખાને નેતન્યાહુ, ઇઝરાયલના તત્કાલીન રક્ષા મંત્રી યોઆવ ગૈલંટ તથા હમાસના કમાન્ડર વિરૂધ્ધ ધરપકડનું વોરંટ ઇશ્યુ કરવાની માંગણી કરી હતી. આ અગાઉ પણ, રશિયાના રાષ્ટ્રપતિ પુતિન, ફિલિપાઇન્સના પૂર્વ રાષ્ટ્રપતિ રોડ્રિગો દુતેને અને તાલીબાનના નેતૃત્વ માટે આ માટે માંગણી કરવામાં આવી હતી હવે તેમના વિરોધીઓએ દુષ્કર્મના આરોપોનો સહારો લઇને તેમને પદ પરથી દૂર કરવાની માંગ કરી છે. આ એ સંસ્થાની પડતીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે જે પોતાના આંતરિક મામલાઓમાં સિધ્ધાંતો ખાસ કરીને કાયદાનું શાસન લાગુ કરી રહી નથી જેને વિશ્વ સ્તરે જાળવી રાખવું જરૂરી છે. અલબત્ત આઇસીસી દ્વારા રચવામાં આવેલ એક આંતરિક ન્યાય પેનલે આ આરોપો પર પોતાની તપાસમાં ઉપલબ્ધ થયેલા સાક્ષીઓને દુરાચાર સિધ્ધ કર્યો છે તેમ માન્યુ નથી તેમ છતાં ખાનને હોદ્દા પરથી દૂર કરવાની માગ વધુ તેજ બની છે. તાજેતરમાં આઇસીસીના સભ્ય દેશોએ બે અલગ-અલગ પ્રશ્નો પર ઘાલમેલ કરીને એક જ મતદાનમાં સમાવેશ કરવાની તૈયારી કરી છે. પ્રથમ બાબત આ છે કે, શું ગંભીર અપરાધ થયો છે અને બીજી બાબત આ છે કે, શું ખાનને દૂર કરવા જોઇએ. આ કોઇ સાધારણ પ્રકિયાવાળુ પગલું નથી. જો આ બન્ને પ્રશ્નોને સાથે રાખવામાં આવે તો કોઇપણ ખુલાસા વગર આરોપોના આધારે પછી કોઇ અલગ મુદ્દા પર અને તેને આધાર બનાવી ખાનને હટાવી શકાય છે. દાખલા તરીકે કોઇ ઉચ્ચ સ્થાને રહ્યા પછી પરસ્પર સંમતિથી અંગત સંબંધોને આધાર બનાવી શકાય છે જ્યારે આ મામલામા આવો આરોપ મૂકવામાં આવ્યો નથી કરી ખાનનો મામલો સ્પષ્ટ સ્વરૂપે આઇસીસી વિરૂધ્ધ એક મોટા હુમલાનો ભાગ છે આથી કોર્ટે વિરોધીઓ તથા તેમના ઉદ્દેશ્યોને ઓળખી લેવા જરૂરી છે.

તાજેતરમાં અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબીઓએ એક દૈનિક પત્રમાં લેખ લખ્યો હતો જેનું શિર્ષક સ્પષ્ટ હતું આપણે આંતરરાષ્ટ્રીય અપરાધીક ન્યાયાલયને શા માટે ખતમ કરી રહ્યા છીએ આ માત્ર રાજકીય નિવેદન નથી અમેરિકાએ અગાઉથી ખાન, બે ઉપ નિતિનિર્માતાઓ તથા આઠ ન્યાયાધીશો સહિત ૧૧ વરિષ્ઠ આઇસીસી અધિકારીઓ પર પ્રતિબંધ લગાવી ચૂક્યું છે.

રૂબિઓએ વધુમાં જણાવ્યું હતું કે, ન્યાયાલયોએ અમેરિકા વિરોધી સરકારોને શસ્ત્ર દેખાડી તે બધા સહયોગીઓને એકત્ર કરવા માટે એક કૂટનીતિવાળા અભિયાનની ઘોષણા કરી હતી જે રાષ્ટ્રો અમેરિકાને ફરીથી મહાન બનાવવાના સિધ્ધાંત પર સમર્થન કરી રહ્યા છે. ઉપરાંત તાજેતરમાં જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની મુલાકાત ચીનના રાષ્ટ્રપતિ જીનપીંગ સાથે થઇ હતી ત્યારે તેમણે સૂચન કર્યું હતું કે ચીન અને રશિયા ન્યાયાલયનો વિરોધ કરવામાં તેમને સહકાર આપે. આ વાત ખાનની વિરૂધ્ધ આ અભિયાનનો વાસ્તવિક ઉદ્દેશ્યને વધુ સ્પષ્ટ કરે છે આ મામલામાં અમેરિકા તથા ઇઝરાયલના નેતા સુનિશ્ચિત કરવા માગે છે કે, કોઇપણ આંતરરાષ્ટ્રીય અદાલત તેમના સૈનિકો, સરહદ પરના સુરક્ષા દળો અને સહયોગીઓને અડકી પણ ન શકે પછી ભલે યુધ્ધ ગુનાઓ વિરૂધ્ધ કે માનવના વિરૂદ્ધ હોય અને ગમે તેટલા ગંભીર ગુના પણ કેમ ન હોય. આ બન્ને માટે ખાન પ્રકરણ આઇસીસીની શક્તિને મર્યાદીત કરવા માટે શ્રેષ્ઠ તક છે તેમ માનવામાં આવે છે જો ન્યાયાલયના સભ્ય દેશો અંદરથી આ વાતને નબળી કરે તે તો વ્યક્તિ વિરૂધ્ધ રાજકીય મતદાન થઇ શકે છે આથી તેમના માટે ધરપકડનું વોરંટ ઇશ્યુ કરી શકાય. તો બહારથી આ સંસ્થાને નષ્ટ કરવાની કોઇ જરૂર રહેશે નહીં.આથી આ સંસ્થાની રચના કરવાવાળી રોમના સભ્ય દેશોએ એવો નિર્ણય લેવો જોઇએ જેનો પ્રભાવ આ મુદ્દા સુધી સિમિત ન રહે અથવા એવી પ્રકિયાની માંગ કરવી જોઇએ જે આ સંસ્થાની ગરિમા માટે જરૂરી હોય. જેમણે જે આ સંસ્થાની ગરિમા માટે જરૂરી હોય. જેમણે આ સંસ્થાને બનાવી છે અને જેના દ્વારા આઇસીસીને પોતાના અભિયોજકોને નિષ્પક્ષ કાયદાની પ્રકિયાનો લાભ થાય. જેની અપેક્ષા આ ન્યાયાલય દુનિયાના દરેક દેશો પાસે કરી રહ્યું છે. અથવા એવું કાર્ય કરે જેના ન્યાયના નિષ્કર્ષ પર રાજનિતી ભારે ન પડે. આથી સાચો વિકલ્પ સ્પષ્ટ છે આઇસીસીએ એક સ્વતંત્ર ન્યાયાલય તરીકે યથાવત રહેવું જોઇએ ખાને તેમની ધરપકડ કરવાના વોરંટ પર સાહસ દર્શાવ્યું છે જેમને ક્યારેક આ ન્યાયલયની પહોંચની બહાર માનવામા આવતા હતા આથી આ સમયમાં જ્યારે આંતરરાષ્ટ્રીય અપરાધિક ન્યાય વ્યવસ્થા તથા કાયદાના શાસન પર અભૂતપૂર્વ હુમલા થઇ રહ્યા છે ત્યારે કરીમ ખાન સમર્થનને પાત્ર છે.બીજી તરફ છેલ્લા એક વર્ષમાં ભારત અને અમેરિકા વચ્ચેનો સંબધ સારો રહ્યો નથી ટ્રમ્પના ભારત-પાક યુધ્ધમાં મધ્યસ્થતાના દાવાને લઇને વિવાદ, રશિયન તેલ આયાતના કારણે ટેરિફ લગાવવા, પાકિસ્તાનને મહત્વ આપવું વગેરેનો સમાવેશ થાય છે. આ વર્ષના પ્રારંભે બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલને લઇને આશાઓ હતી, પરંતુ નવી દિલ્હીમાં વાટાઘાટો અને દાવાઓ છતાં આમાં કોઇ નક્કર હાથ લાગ્યું નથી ભારત પર અગાઉથી યુએસ ટ્રેડ રિપ્રઝન્ટેટિવ તરફથી પ્રસ્તાવિત વધારાના ટેરિફનો ખતરો મંડાઇ રહ્યો છે.આ ટેરિફ કથિત રીતે ગિરમીટીયા મજૂર દ્વારા બનેલી વસ્તુઓની આયાતના આરોપમાં પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. જો અમેરિકન કોંગ્રેસમાં એક બિલ પસાર થાય તો રશિયાનું તેલ આયાત કરવાના કારણે ભારત પર ૧૦૦ ટકા દંડનાત્મક ટેરિફ લાદવામાં આવશે. અમેરિકાએ ચાબહાર બંદર સહિત ઇરાનના સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા મહિનાની શરૂઆતમાં થયેલા હુમલામાં ભારત દ્વારા સંચાલિત શાહિદ બેહેરતી પોર્ટ ટર્મિનલનો વોચ ટાવર તોડી પાડવામાં આવ્યો છે અમેરિકાએ ચાબહાર પ્રોજેકટને લઇને ભારત પર પ્રતિબંધો મૂક્યા હતા.

સરકારી અધિકારી પર હુમલા કેસમાં જુનાગઢ કોર્ટનો ચુકાદો

સરકારી અધિકારીની ફરજમાં અડચણ ઉભી કરવા અને હુમલા કેસમાં કિરીટ પટેલને એક વર્ષની કેદ

જુનાગઢ,તા.૨૨

જૂનાગઢની એડિશનલ કોર્ટે ચર્ચાસ્પદ કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપતાં પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ અને દિલાવર ધંધુકિયાને દોષિત જાહેર કર્યા છે. સરકારી અધિકારીની ફરજમાં અડચણ ઊભી કરવા અને હુમલાના આરોપોને લઈને નોંધાયેલા કેસમાં કોર્ટે બંન્નેને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. કેસ દરમિયાન રજૂ કરાયેલા ઝઝૂફ ફૂટેજ, દસ્તાવેજી પુરાવા તેમજ સરકારી અધિકારીઓ અને સાક્ષીઓના નિવેદનોને કોર્ટે મહત્વપૂર્ણ આધાર માન્યા હતા. જૂનાગઢની એડિશનલ કોર્ટે સરકારી અધિકારીની ફરજમાં અડચણ ઊભી કરવા બદલ નોંધાયેલી ફરિયાદના સંદર્ભમાં કોર્ટે પુરાવા ધ્યાને લઈને આ ચુકાદો સંભળાવ્યો છે.

આ સમગ્ર મામલો PGVCLના અધિકારી હસમુખ સાવલિયાની ફરિયાદ બાદ સામે આવ્યો હતો. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે કિરીટ પટેલ અને દિલાવર ધંધુકિયાએ સરકારી ફરજ બજાવી રહેલા અધિકારીના કામમાં દખલગીરી કરી હતી અને ફરજમાં અડચણ ઊભી કરી હતી. આ ફરિયાદના આધારે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની (IPC) વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

કેસની સુનાવણી દરમિયાન પ્રોસિક્યુશન તરફથી કોર્ટ સમક્ષ ઘટનાના ઝઝૂફ ફૂટેજ સહિત અનેક દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ સરકારી અધિકારીઓ અને અન્ય સાક્ષીઓના નિવેદનો પણ નોંધવામાં આવ્યા હતા. કોર્ટે આ તમામ પુરાવાઓને વિશ્વસનીય અને મહત્વપૂર્ણ ગણાવ્યા હતા.લાંબી કાનૂની પ્રકિયા બાદ એડિશનલ ઝ.ન.સ. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળી હતી. રજૂ કરાયેલા પુરાવા અને સાક્ષીઓના નિવેદનોના આધારે કોર્ટે પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ અને દિલાવર ધંધુકિયાને દોષિત જાહેર કર્યા હતા.

ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ જેવા રાજકીય પદ પર રહી ચૂકેલા નેતા સામે કોર્ટ દ્વારા દોષિત જાહેર કરીને સજા ફટકારવામાં આવતા જૂનાગઢ સહિત રાજ્યના રાજકીય અને વહીવટી વર્તુળોમાં આ ચુકાદો ચર્ચાનો વિષય બન્યો છે. લાંબા સમયથી ચાલી રહેલા આ કેસમાં અંતે એડિશનલ કોર્ટે મહત્વપૂર્ણ નિર્ણય આપતાં સમગ્ર ઘટનાક્રમ ફરી ચર્ચામાં આવ્યો છે.

ઉંટડી ગ્રામ પંચાયતમાં સરપંચના પતિ અને ઉપસરપંચ પાંચ હજારની લાંચ લેતા ઝડપાયા

ઉંટડી,તા.૨૨

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ સફળ ટ્રેપ ગોઠવી ઉંટડી ગ્રામ પંચાયત સાથે સંકળાયેલા બે વ્યક્તિઓને રૂ.૫ લાખની લાંચ સ્વીકારતા ઝડપી પાડ્યા છે. આરોપીઓમાં ગ્રામ પંચાયતના સરપંચના પતિ સંજયભાઈ પ્રતાપભાઈ કમેજળીયા અને ઉંટડી ગ્રામ પંચાયતના ઉપસરપંચ સુનીલભાઈ સુભાષભાઈ કટુડીયાનો સમાવેશ થાય છે.

એસીબીને મળેલી ફરિયાદ મુજબ, ફરિયાદી ઉંટડી ગામની નક્કી કરાયેલી જગ્યાએથી રેતી કાઢવા માંગતા હતા. આ માટે આરોપીઓએ પ્રતિ ટ્રક ૧,૦૦૦ લાંચની માંગણી કરી હતી. ફરિયાદીએ તેના બદલે ગામના ધર્માદામાં પ્રતિ ટ્રક રૂ.૧૦૦ આપવાની તૈયારી દર્શાવી હતી, પરંતુ આરોપીઓ લાંચની માંગણી પર અડગ રહ્યા હતા.

બાદમાં આરોપી સંજય કમેજળીયાએ કુલ રૂ.૬.૩૦ લાખની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી સાથેની રકઝક બાદ સોદો રૂ.૫ લાખમાં નક્કી થયો હતો. ફરિયાદી લાંચ આપવા ઇચ્છતા ન હોવાથી તેમણે સુરેન્દ્રનગર એસીબીનો સંપર્ક કર્યો અને સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે એસીબીએ ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ લીંબડી હાઈવે ચાર રસ્તા નજીક આવેલા પ્રેમવતી ભોજનાલયના કમ્પાઉન્ડમાં ટ્રેપ ગોઠવ્યો હતો. ટ્રેપ દરમિયાન સંજયભાઈ કમેજળીયાએ ફરિયાદી પાસેથી રૂ.૫ લાખની લાંચ સ્વીકારી હતી, ત્યારે એસીબીની ટીમે તેમને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.તપાસ દરમિયાન આરોપી સંજયભાઈએ પોતાના મોબાઈલ ફોન પરથી ઉપસરપંચ સુનીલભાઈ કટુડીયાને ફોન કરી વાતચીત કરી હતી. ત્યારબાદ સુનીલભાઈ પણ સ્થળ પર પહોંચતા એસીબીએ તેમની પણ ધરપકડ કરી હતી.એસીબીના જણાવ્યા અનુસાર, ઉપસરપંચે પોતાના જાહેર હોદ્દાનો દુરુપયોગ કરી ગુનાહિત કૃત્યમાં સહભાગી બન્યા હોવાના આરોપસર બંને વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર મામલે વધુ તપાસ ચાલી રહી છે.

૧લી જુલાઈ 'ડૉક્ટર્સ ડે' નિમિત્તે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા નવી દિલ્હી ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાના વિશેષ કાર્યક્રમમાં આણંદ જનરલ હોસ્પિટલના સિવિલ સર્જન ડૉ. અમર પંડ્યાને ગુજરાત રાજ્યમાંથી "EMINENT DOCTOR PERSONALITY" એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા છે. ભારત સરકારના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ અને રાજ્યસભાના સાંસદ શ્રી મયંકભાઈ નાયકના હસ્તે આ ગૌરવવંતો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો, જે ગુજરાત અને આણંદ જિલ્લા માટે અત્યંત ગૌરવની બાબત છે.. રાજ્યવાર નામોની આ ચકાસણી દરમિયાન ડૉ. અમર પંડ્યાની નિષ્ઠાપૂર્વકની કામગીરીને ધ્યાને રાખીને તેમની એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી.

આણંદ જિલ્લાના ખંભોળજ ગામ ખાતે 'મોડેલ સોલર વિલેજ' પ્રોજેક્ટ માટે DPRને મંજૂરી

આણંદ,તા.૨૨

આણંદ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને DLC (District Level Committee) ની મહત્વપૂર્ણ મીટિંગ યોજાઈ હતી. આ બેઠક દરમિયાન 'પી.એમ. સૂર્ય ઘર: મુફ્ત બીજલી યોજના' અંતર્ગત પસંદગી પામેલ આણંદ તાલુકાના ખંભોળજ ગામ માટે ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) ને સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લામાં તા. ૦૧.૦૪.૨૦૨૫ થી ૩૦.૦૯.૨૦૨૫ ના સમયગાળા દરમિયાન યોજાયેલ સ્પર્ધામાં સૌથી વધારે સોલર ક્ષમતા ધરાવતા ગામ તરીકે ખંભોળજની "મોડેલ સોલર વિલેજ" તરીકે પસંદગી કરવામાં આવી હતી.

આ મંજૂર થયેલ પ્રોજેક્ટ રિપોર્ટ મુજબ, ખંભોળજ ગામના કુલ ૨૪ સરકારી તથા જાહેર વીજ જોડાણો જેવાં કે આંગણવાડી, ગ્રામ પંચાયત ઓફિસ, પ્રાથમિક શાળા, વોટર વર્ક્સ, પોલીસ સ્ટેશન અને આરોગ્ય કેન્દ્ર ખાતે કુલ ૧૦૫.૯ KW ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે.

આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજિત રૂ. ૬૦ લાખ નો ખર્ચ કરવામાં આવશે. આ સોલર સિસ્ટમ કાર્યરત થવાથી ગામને દર વર્ષે અંદાજે રૂ. ૧૨.૭૫ લાખ ની સરકારી વીજ ખર્ચમાં બચત થશે અને પર્યાવરણપૂરક ઊર્જાનો ઉપયોગ વધશે.

આ બેઠકમાં એમજીવીસીએલના અધિકારીઓ સહિત ડિસ્ટ્રીક લેવલ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી એચ.પી પટેલના અધ્યક્ષસ્થાને "જિલ્લા સ્વાગત કાર્યક્રમ" યોજાયો

હિંમતનગર,તા.૨૨

સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી પટેલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડ ખાતે "જિલ્લા સ્વાગત કાર્યક્રમ" યોજાયો હતો. લોકશાહીના મૂલ્યોને સુદ્રઢ રાખી પ્રજાના પ્રશ્નોના ઓનલાઈન નિવારણ માટે છેલ્લા ૨૦ વર્ષથી નિરંતર કાર્યરત ગુજરાત સરકારનો આ ફ્લેગશિપ કાર્યક્રમ સામાન્ય નાગરિકોની વહીવટી સમસ્યાઓ ઉકેલવા માટે સક્ષમ માધ્યમ સાબિત થયો છે. આજના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં નાગરિકો દ્વારા ૧૩ જેટલાં પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. "" આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાના અરજદારો તરફથી રસ્તાની માંગણી, દબાણ હટાવવા બાબત અંગેની રજૂઆતો સહિતના નાગરિક સુવિધાને સ્પર્શતા વિવિધ પ્રશ્નો રજૂ કરાયા હતા.""" કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાનેથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી પટેલે ઉપસ્થિત અરજદારોની રજૂઆતોને વિગતવાર સાંભળીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વહીવટી તંત્રના તમામ અમલીકરણ અધિકારીઓને તાકીદ કરતા જણાવ્યું હતું કે, કચેરીએ આવતા પ્રત્યેક નાગરિકની સમસ્યાઓ અને પ્રશ્નોને સંવેદનશીલતાપૂર્વક સાંભળી, કાયદાકીય મર્યાદામાં રહીને તેનો ત્વરિત અને કાયમી ઉકેલ લાવવાની દિશામાં પરિણામલક્ષી કામગીરી કરવામાં આવે."""

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી હિંમતનગરના પૂર્વ ઉપ-પ્રમુખ શ્રી મોહનલાલ મૂળચંદ શાહ ના જન્મદિનની નિમિતે આજ તારીખ ૨૧.૦૭.૨૦૨૬ ના રોજ તેઓના પરિવારના શ્રીમતી શકુંતલાબેન શાહ (ધર્મપત્ની) તથા તેમના પુત્ર શ્રી કપુરભાઈ શાહ, પૌત્ર કારણ શાહ અને શ્રી મૂળચંદ શાહ પરિવાર ના અન્ય સભ્યો ની હાજરીમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને મહાવીરનગર ખાતે "નવીન ભવન" ના બાંધકામ માટે રૂપિયા ૫૧ લાખનું દાન જાહેર કરેલ છે. "આ પ્રસંગે સંસ્થાના ચેરમેન શ્રી ડો. ભુપેન્દ્રભાઈ શાહ એ જણાવ્યું કે શ્રી મોહન કાકાનો સંસ્થાના વિકાસમાં સિંહ ફાળો રહ્યો છે. તેમને યાદ કરતા કહ્યું કે તેમણે શહેર ને આધુનિક ડેન્ટલ ક્લિનિક મળી રહે તે ભાવનાથી તેમના "માતૃશ્રી ગજરાબેન" ના નામથી ડેન્ટલ ક્લિનિક ચાલુ કરાવેલ અને હાલમાં શ્રી મોહનકાકાની પુણ્યતિથી નિમિતે તેમના પરિવાર દ્વારા ૬ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન દાનમાં આપેલ. આવા ઉમદા ભાવથી આપેલ દાન માટે સંસ્થા આપની આભારી છે. આવનાર ભવિષ્યમાં પણ તેમનો સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા સાથે ખુબ ખુબ આભાર માન્યો હતો. આ પ્રસંગે રેડક્રોસના વાઈસ ચેરમેનશ્રી ડૉ ગોપલાણી સાહેબ, ખજાનચી શ્રી જીતુભાઈ પટેલ, શ્રી સતિષભાઈ શાહ, શ્રી વિપુલભાઈ સાંખલા, શ્રી હરેશભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્ય પ્રભાત

વર્લ્ડ ક્લેફ્ટ અવેરનેસ ડે પર સ્માઈલ ટ્રેન ઈન્ડિયા ૮૦૦,૦૦૦+ મફત સર્જરીઓ અને ક્લેફ્ટ્સના વહેલા નિદાન માટે નવેસરથી પ્રોત્સાહન આપે છે

૨૦ જુલાઈના રોજ વૈશ્વિક સ્તરે ઊજવવામાં આવતો વર્લ્ડ ક્લેફ્ટ અવેરનેસ ડે (WCAD) ૨૦૨૫માં સ્માઈલ ટ્રેન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેથી ક્લેફ્ટ હોઠ અને તાળવાને મુખ્ય પ્રવાહના જાહેર આરોગ્ય વાર્તાલાપમાં લાવવામાં આવે અને ખાતરી કરવામાં આવે કે ક્લેફ્ટ સાથે જન્મેલા દરેક બાળકને સમયસર, વ્યાપક સારવારની સુવિધા મળે. આ વર્ષે સ્માઈલ ટ્રેન ઈન્ડિયા દેશની અગ્રણી ક્લેફ્ટ-કેન્દ્રિત એનજીઓ એક ગૌરવપૂર્ણ સીમાચિહ્ન ઊજવે છે: દેશભરમાં ૨૦૦૦થી વધુ બાળકો માટે ૮૦૦,૦૦૦થી વધુ મફત ક્લેફ્ટ સર્જરીને સમર્થન આપવામાં આવ્યું છે. આ સિદ્ધિના આધારે સંસ્થા હવે અસરની આગામી સીમા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જાગૃતિ ફેલાવી રહી છે, જેથી ક્લેફ્ટ સાથે જન્મેલા દરેક બાળકને વહેલા ઓળખવામાં આવે અને તેમને ખીલવાની તક આપવામાં આવે.

ભારતમાં દર વર્ષે લગભગ ૩૫,૦૦૦ બાળકો ક્લેફ્ટ સાથે જન્મે છે. છતાં ઘણા લોકો દંતકથાઓ, ખોટી માહિતી અને કલંકને કારણે સારવાર માટે મહત્ત્વપૂર્ણ સમય ચૂકી જાય છે. વિલંબિત સંભાળ ખોરાકની મુશ્કેલીઓ, કુપોષણ, વાણી અને શ્રવણશક્તિની ક્ષતિ અને લાંબા ગાળાના સામાજિક અને ભાવનાત્મક પડકારો તરફ દોરી શકે છે. વહેલું નિદાન અને સમયસર શસ્ત્રક્રિયા વધુ સારાં પરિણામો અને વ્યાપક સંભાળની પહોંચ માટે ચાવી છે. વિશ્વ ક્લેફ્ટ જાગૃતિ દિવસ જાગૃતિ વધારવા, ગેરમાન્યતાઓને દૂર કરવા અને ક્લેફ્ટ સાથે જન્મેલા દરેક બાળકને સમયસર સારવાર મળે તેની ખાતરી કરવાનો પ્રયાસ કરે છે.

સ્માઈલ ટ્રેન ઈન્ડિયા સર્જરીને મોટા ચિત્રના એક ભાગ તરીકે ગણે છે. તેના સર્વગ્રાહી મોડેલમાં પોષણ સહાય, વાણી ઉપચાર અને ઓર્થોડોન્ટિક સારવારનો સમાવેશ થાય છે, જે બાળકોને જીવનમાં સંપૂર્ણ રીતે ખીલવામાં મદદ કરે છે. આને આધાર આપતી એક સસ્ટેનેબિલિટી - પ્રથમ વ્યૂહરચના છે: સ્માઈલ ટ્રેન ઈન્ડિયા સ્થાનિક સર્જનો, એનેસ્થેટિસ્ટ, નર્સો અને મલ્ટીડિસિપ્લિનરી ક્લેફ્ટ ટીમોને સ્થાનિક સ્તરે સંભાળ પૂરી પાડવા માટે તાલીમ આપે છે અને સશક્ત બનાવે છે. ભાગીદાર હોસ્પિટલોને મજબૂત બનાવીને, સંસ્થા ખાતરી કરે છે કે બાળકો ઘરની નજીક ઉચ્ચ- ગુણવત્તાવાળી, મફત ક્લેફ્ટ સંભાળ મેળવી શકે, જ્યારે કોઈ પણ એક હસ્તક્ષેપ કરતાં વધુ ટકાઉ આરોગ્ય સંભાળ ક્ષમતાનું નિર્માણ કરે છે.

આ વર્ષના જાગૃતિ અભિયાનને વ્યાપક સમર્થન મળ્યું છે, જેમાં ભાગીદારો, દાતાઓ, રાજદૂતો, ક્લેફ્ટ અસરગ્રસ્ત વ્યક્તિઓ અને પરિવારો, શુભેચ્છકો અને વ્યાપક સમુદાય WCAD નિમિત્તે એકસાથે આવ્યા છે, ઘણા લોકો સોશિયલ મિડિયા અને અન્ય પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પોતાનો અવાજ શેર કરી રહ્યા છે અને વાતચીતને તબીબી સમુદાયની બહાર અને રોજિંદા ઘરોમાં ફેલાવી રહ્યા છે. અમે સારવારની પહોંચ વધારવામાં વાસ્તવિક પ્રગતિ કરી છે, પરંતુ જાગૃતિ અમારી સૌથી મુશ્કેલ લડાઈ રહે છે," સ્માઈલ ટ્રેનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને રિજનલ ડિરેક્ટર - એશિયા મમતા કેરોલે જણાવ્યું હતું. "દરરોજ બાળકો તેમને લાવવું જોઈએ તેના કરતાં મહિનાઓ કે વર્ષો પછી અમારી પાસે આવે છે. એટલા માટે નહીં કે સારવાર ત્યાં નહોતી, પરંતુ એટલા માટે કે તેમના પરિવારો ક્યારેય જાણતા ન હતા કે ક્લેફ્ટની સારવાર કરી શકાય છે અથવા તેઓ કલંકથી ડરતા હતા જે ઘણી વાર તેની આસપાસ રહે છે. જો આપણે જાગૃતિના આ અંતરને દૂર કરી શકીએ તો આપણે સમયસર આ બાળકો સુધી પહોંચી શકીશું અને ખાતરી કરી શકીશું કે એક પણ બાળક રાહ જોતો ન રહે." આ વર્લ્ડ ક્લેફ્ટ અવેરનેસ ડે પર સ્માઈલ ટ્રેન ઈન્ડિયા માતાપિતા, સંભાળ રાખનારાઓ, આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો, નીતિ નિર્માતાઓ, મિડિયા અને સમુદાયોને જાગૃતિ વધારવા, વહેલા નિદાનને પ્રોત્સાહન આપવા અને ક્લેફ્ટ્સ વિશેની ગેરમાન્યતાઓને પડકારવામાં સક્રિય ભૂમિકા ભજવવા વિનંતી કરે છે. મફત ક્લેફ્ટ સારવાર અથવા વધુ માહિતી મેળવવા માગતા પરિવારો સહાય માટે સ્માઈલ ટ્રેન ઈન્ડિયાની ટોલ-ફ્રી હેલ્પલાઈન: ૧૮૦૦ ૧૦૩ ૮૩૦૧ પર કૉલ કરી શકે છે.

ઝી ક્લાસિક ભારતીય સિનેમાના દિગ્ગજ મનોજકુમારને એક અઠવાડિયા સુધી શ્રદ્ધાંજલી આપતા ૮૯મી જન્મ જયંતિની ઉજવણી કરે છે

કેટલાક કલાકારો દર્શકોનું મનોરંજન કરે છે. કેટલાક ફિલ્મમેકર્સ યાદગાર સિનેમા બનાવે છે અને આવા જ એક દિગ્ગજ કલાકાર છે, મનોજકુમાર, જેમની વાર્તાઓ ભારતની સંસ્કૃતિક ઓળખનો ભાગ બની ગઈ છે. 'ભારત કુમાર' તરીકે પૂજનીય, મનોજ કુમારે દેશભક્તિની એવી ભાવના રજૂ કરી છે, જેને ભારતની પેઢીઓ સુધી સિનેમાથી ગર્વથી સ્વિકારી છે. તેમની ફિલ્મોએ ફક્ત રાષ્ટ્ર જ નહીં, પરંતુ તેમના લોકો તેમના સંઘર્ષો, તેમની આશાઓ, બલિદાન અને અટલ જુસ્સાની ઉજવણી કરી છે.

આ જુલાઈ, આ મહાન કલાકાર, લેખક અને ફિલ્મ મેકરના ૮૯મી જન્મજયંતિની ઉજવણી કરે છે, જેમાં ઝી ક્લાસિક ભારતીય સિનેમાના સૌથી અદભુત વાર્તાકારને એક ખાસ શ્રદ્ધાંજલી આપે છે, જેમાં તેમને કેટલાક પ્રસિદ્ધ ક્લાસિક્સને રજૂ કરવા માટે ખાસ એક અઠવાડિયા સુધી ચાલતા લાંબા ફેસ્ટિવલનો સમાવેશ થાય છે. ૧૯મી જુલાઈથી ૨૪મી જુલાઈ સુધી, દરરોજ સાંજે ૭ વાગે દર્શકોને મનોજકુમારને એક આઈકોન તરીકે રજૂ કરતી અને દર્શકોને પ્રેરણા આપતી ફિલ્મને જીવંત કરવામાં આવશે. ચાર દાયકાથી પણ વધુ સમય સુધી મનોજકુમારે મનોરંજન દ્વારા હિન્દી સિનેમાને ફરીથી વ્યાખ્યાયીત કરી છે. જે સમયે ફિલ્મોનું વ્યવસાયીકરણ થઈ રહ્યું હતું અને મોટાભાગે રોમાન્સ અને તમાશા આધારીત ફિલ્મોની વચ્ચે તેમને સામાજિક ચેતના, દેશભક્તિ તથા સામાન્ય ભારતીયોના સપના રજૂ કરતી વાર્તા કહેવાનું પસંદ કર્યું. અભિનય ઉપરાંત તેમને લેખક અને ડિરેક્ટર તરીકે પણ અદભુત

કામ કરીને એવી ફિલ્મો બનાવી જે તેમની અદભુત વાર્તા કહેવાની શૈલી, અવિસ્મરણિય સંગીત તથા સમયથી પર રહે તેવા સંદેશ આપે છે.

આ એક સપ્તાહ લાંબી ઉજવણીમાં તેમની ૬ યાદગાર ફિલ્મો છે, જે મનોજકુમારની એક કલાકાર અને ફિલ્મ મેકર તરીકેના પ્રવાસનું પ્રતિબિંબ છે. તેની શરૂઆત થશે, રોટી કપડા ઔર મકાનથી, જેમાંએક સામાન્ય માણસની રોજિંદી અપેક્ષાઓ અને સંઘર્ષોને રજૂ કરવામાં આવ્યા છે. ત્યારબાદ આગળ છે, "ઉપકાર" જે ફિલ્મે તેમને ભારત કુમાર તરીકે અમર બનાવી દીધા, જેમાં ભારતના ખેડૂતો અને સૈનિકોને આપવામાં આવેલી શ્રદ્ધાંજલી છે. "પૂરબ ઔર પશ્ચિમ" ફિલ્મમાં પૂર્વિય દેશો અને પશ્ચિમિ દેશોને સુંદર રીતે જોડતી વાર્તાની સાથે ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોની ઉજવણી છે. તો "શોર"માં હિન્દી સિનેમાના પ્રેમ, નુકશાન અને પિતૃત્વની હૃદયસ્પર્શી વાર્તા છે, જેમાં મનોજકુમારનું ભાવનાત્મક ઉંડાણ રજૂ થયું છે. "શહીદ"માં ભગતસિંહનું પ્રેરણાદાયી જીવન અને બલિદાન રજૂ કરવામાં આવ્યું છે, જે ભારતની સ્વતંત્રતાની ચળવળની એક અદભુત રજૂઆત છે. આ ઉજવણી અંતે, ૨૪ જુલાઈના રોજ એક ભવ્ય મહાકાવ્ય સમા "ક્રાંતિ" મૂવી સાથે પૂરી થશે, જેમાં મનોજકુમારનો રાષ્ટ્રપ્રેમ, હિંમત, બલિદાન અને પ્રેમની વાતને અવિસ્મરણિય રીતે રજૂ કરવામાં આવી છે.

આ અદભુત ક્લાસિક ફિલ્મ પાછળના વ્યક્તિ વિશે ઈન્ડસ્ટ્રીમાં રહેલા તેમના નજીકના સહકર્મીઓ તથા મિત્રો તેમની યાદો વર્ણવે છે.

શત્રુઘ્ન સિંહા કહે છે: "હું જ્યારે મનોજકુમારજીને યાદ કરું છું તો, હું ફક્ત એક અદભુત કલાકાર કે ફિલ્મમેકરને નથી યાદ કરતો, પણ એક એવા વ્યક્તિને યાદ કરું છું જેમને તેમના દ્વારા બનાવવામાં આવેલી દરેક ફિલ્મોને જીવી છે. તેઓ સિનેમાને ક્યારેય એક મનોરંજનની દૃષ્ટિએ જોતા ન હતા. તેમના માટે દરેક વાર્તામાં એક હેતુ હતો, અને દરેક પાત્રમાં કંઈકને કંઈક ભવ્યતા હતી. મને હજી પણ યાદ છે, તેઓ એક્શન બોલતા પહેલા સેટ પરની નાનામાં નાની બાબતને ચકાસતા હતા. તેમનામાં એક ગજબની શાંતિ હતી, પણ તેમનું વિઝન એકદમ સચોટ હતું. તેમની સાથે કામ કરવાથી મને શિખવા મળ્યું કે, એક કલાકારની સૌથી મોટી તાકાત છે, તેમની પ્રમાણિકતા. ઉદ્યોગે તેમને 'ભારત કુમાર'નું બિરુદ આપ્યું હતું, પરંતુ અમારામાંથી ઘણા લોકો માટે, તેઓ ફક્ત મનોજ જી હતા - એક ઉષ્માભર્યા, પ્રતિષ્ઠિત સજ્જન જેમનો ભારત પ્રત્યેનો પ્રેમ તેમની દરેક રજૂઆતમાં જોવા મળતો હતો."

હેમા માલિની કહે છે: "મનોજજી સાથે કામ કરવાની મારી ઘણી યાદો છે, કેમકે સેટ પરના દરેક દિવસ એ ફિલ્મમેકિંગના માસ્ટરક્લાસ જેવું લાગતું હતું. તેમના કલાકારોને માર્ગદર્શન આપવામાં તેઓ હંમેશા નમ્ર રહેતા અને હંમેશા પ્રમાણિકતાથી પફોર્મ કરવા પ્રેરિત કરતા. પણ તેઓ જે આદર બધાને આપતા તે અદભુત હતું, પછી તે કોઈ સિનિયર કલાકાર હોય કે કોઈ ટેકનિશિયન્સ. તેમની ફિલ્મ દિલથી કરવામાં આવી હતી, કેમકે તેઓ પોતે ખૂબ જ લાગણીશીલ અને ઉંડાણ ધરાવતા વ્યક્તિ હતા. આજે પણ, જ્યારે તેમની ફિલ્મો જોઉં તો, મને તેમના જુસ્સા અને શિસ્તતાની યાદ આવે છે, જે તેમની દરેક ફ્રેમમાં દેખાય છે. તેમની સાથે કામ કરવાનો મને મોકો મળ્યો તેના માટે હું મારી જાતને ખૂબ જ નસીબદાર સમજું છું."

પ્યારેલાલ કહે છે: "મનોજકુમારજી માટે સંગીત એટલું બધું જ. જ્યારે પણ અમે સાથે કામ કરતા, તો તેઓ ફક્ત એક ટ્યુન વિશે જ નહીં પણ દરેક શબ્દો અને સંગીતના દરેક તબક્કા વિશે કલાકો સુધી ચર્ચા કરતા હતા. તેમની શ્રવણશક્તિ અદભુત હતી અને તેમની સંગીતની સમજ એ વાર્તાનો ધબકારો બની જતી. તેમની ફિલ્મોના ગીતો જીવંત રહે છે કારણ કે તેમણે તેમને વાર્તાના ભાગ તરીકે માનતા હતા, ક્યારેય અડચણ તરીકે ગણતા નહીં. તેમની સાથે કામ કરવું સર્જનાત્મક રીતે પરિપૂર્ણ હતું કારણ કે, તેમણે હંમેશા અમને પોતાનું શ્રેષ્ઠ આપવા માટે પ્રેરણા આપી હતી. તે યાદો મારા માટે ખૂબ જ ખાસ છે."

પ્રેમ ચોપ્રા કહે છે: "મનોજ અને હું ફક્ત સ્ક્રીન પર જ સાથે હતા એવું નથી પણ વર્ષો દરમિયાન અમારી વચ્ચે ઘણી યાદો છે. કેમેરાની પાછળ તેઓ ખૂબ જ શિસ્તબદ્ધ, કેન્દ્રિત અને ખૂબ જ મહેનતું હતા, પણ જેવું કામ પૂરું થાય તેઓ ખૂબ જ પ્રેમાળ, હૂંફાળા અને મસ્તીથી ભરપૂર રહેતા. તે આસપાસના લોકોનું ધ્યાન રાખતા અને બધા જ લોકો ખૂબ જ મહત્વના છે, તેવો અનુભવ આપતા. દેશ, સંબંધો અને માનવતાને રજૂ કરતી ફિલ્મો બનાવવી એ તેમની શ્રદ્ધાને હું ખૂબ જ વખાણું છું. તેઓ પોતાની માન્યતા સાથે ક્યારેય કોઈ બાંધછોડ ન કરતા અને તેના લીધે જ તેમની ફિલ્મો અદભુત બનતી હતી. હું નસીબદાર છું કે, મને એક એવા સાથીદાર અને મિત્ર તરીકેનો સાથ મળ્યો છે."

ઝી ક્લાસિક ભારતીય સિનેમાના સૌથી પ્રિય દિગ્ગજનું સન્માન કરે છે, આ ખાસ ફેસ્ટિવલ દ્વારા પેઢી દર પેઢીના દર્શકોને ભારતીય સિનેમાની ભાવનાને રજૂ કરતી વાર્તાઓની ફરી જોવા માટે આવકારે છે. પહેલી વાર આ શ્રેષ્ઠ કૃતિઓ શોધવાનું હોય કે તેમની સાથે સંકળાયેલી યાદોને તાજી કરવાનું હોય, પણ દર્શકો એવા ફિલ્મ મેકરના અદભુત જીવન અને વારસાની ઉજવણી કરી શકે છે, જેમનું કામ જોવાથી હંમેશા બધાને પ્રેરણા આપતું રહે છે. કારણકે દાયકાઓ વીતી જાય છે, પણ સાચા ક્લાસિક અને તેમને બનાવનાર માણસ હંમેશા લોકોના દિલમાં જીવંત રહે છે.

મનોજકુમારની ૮૯મી જન્મજયંતિની ઉજવણીને માણો ઝી ક્લાસિકના ૧૯મી જુલાઈથી ૨૪મી જુલાઈ સુધી ચાલનારા સ્પેશિયલ સપ્તાહ લાંબા ફેસ્ટિવલમાં દરરોજ સાંજે ૭ વાગે, જે પૂર્ણ થશે તેમની જન્મતિથીના રોજ કાંતિની રજૂઆત સાથે, ફક્ત ઝી ક્લાસિક પર

"એક ઘર ક્યારેય માત્ર ચાર દિવાલ નથી હોતું, તેમાં વર્ષોની યાદો, ત્યાગ અને પરિવારનો પ્રેમ સમાયેલો હોય છે," કહે છે કરુણા પાંડે, સોની સબની પુષ્પા ઈમ્પોસિબલ

સોની સબનું પુષ્પા ઈમ્પોસિબલ તેની ભાવનાત્મક વાર્તાઓ, અણધાર્યા વળાંકો અને પરિવાર માટે સતત લડતી એક સ્ત્રીની કહાનીથી દર્શકોને જોડાયેલું રાખે છે. જ્યારે પુષ્પા (કરુણા પાંડે)ને લાગે છે કે તેણે વર્ષોની મહેનતથી બનાવેલું ઘર હવે સુરક્ષિત છે, ત્યારે જ જીવન તેને સૌથી મોટો પડકાર આપે છે.

આગામી એપિસોડ્સમાં પુષ્પા અને તેનો પરિવાર વર્ષોથી સંભાળેલું ઘર બચાવવા માટે કોઈ કસર છોડતો નથી. આશા નજીક લાગે છે ત્યારે હરાજી હૃદયદ્રાવક વળાંક લે છે. સૌને આશ્ચર્યમાં મૂકતાં રહસ્યમય બોલીદાર કદંબરી (બૃંદા ત્રિવેદી) હોવાનું બહાર આવે છે, જે પુષ્પાનું ઘર નવી માલિક તરીકે મેળવી લે છે. વર્ષોની મહેનત, પ્રેમ અને યાદોથી બનાવેલા ઘરને ભાવનાત્મક વિદાય આપતાં પુષ્પા અને તેનો પરિવાર અનિશ્ચિત ભવિષ્યનો સામનો કરે છે, કારણ કે કદંબરીનો બદલો વિનાશકારી

સાબિત થાય છે.

પુષ્પા જે ઘર બનાવવા માટે ખૂબ જ સંઘર્ષ કર્યો હતો તે પાછું મેળવવા માટે શું કરશે?

આગામી ટ્રેક વિશે વાત કરતાં કરુણા પાંડે શેર કરે છે, "ઘર ક્યારેય માત્ર ચાર દિવાલો નથી, તેમાં વર્ષોની યાદો, ત્યાગ અને પરિવારનો પ્રેમ હોય છે. પુષ્પા માટે ઘર ગુમાવવું એ સૌથી મોટું ભાવનાત્મક આઘાત છે. આ આખા પરિવાર માટે ખૂબ કઠિન ક્ષણ છે. તેના બાળકો ઘર બચાવવા માટે બધું કરી રહ્યા છે, તેથી હવે તેની જવાબદારી છે કે તેમને પ્રોત્સાહિત કરે અને ઘર પાછું મેળવે. પરંતુ મને તેની સૌથી વધુ પ્રશંસા એ માટે છે કે પોતાના સૌથી નીચા ક્ષણોમાં પણ તે આશાને હાથમાંથી સરકવા દેતી નથી. તે હંમેશા માને છે કે પરિસ્થિતિ કેટલીય મુશ્કેલ હોય, ફરીથી શરૂઆત કરવાનો રસ્તો હંમેશા હોય છે."

રિતિકે રજનીકાંત સાથે 'જેલર ૨'નું શૂટિંગ પૂરું કર્યું

સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મ 'જેલર ૨'માં શાહરુખના બદલે કિમિયો રિતિક કરશે એવી ચર્ચાઓ વચ્ચે હવે એવા અહેવાલ છે કે રિતિકે શૂટિંગ પૂરું પણ કરી લીધું છે. રિતિક રોશને ફિલ્મમાં પોતાના ખાસ કેમિયો માટેનું શૂટિંગ પૂરું કરી દીધું છે. ચેન્નાઈમાં બે દિવસના શીડ્યુલ દરમિયાન રિતિક અને રજનીકાંતે સાથે મહત્વના સીનનું શૂટિંગ કર્યું હોવાનું જાણવા મળ્યું છે.સૂત્રોના જણાવ્યા મુજબ, ફિલ્મનાં ડિરેક્ટર નેલ્સન દિલીપકુમારે હૃતિક માટે એક ભવ્ય અને મોટા પડદા પર સીટી-તાળીઓ પડાવે તેવું પાત્ર તૈયાર કર્યું છે. ફિલ્મમાં તેની એન્ટ્રીનાં સીનને ખાસ રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે બાદ રજનીકાંત સાથેની એક જોરદાર સિક્વન્સ જોવા મળશે. આ સમગ્ર એપિસોડ ફિલ્મની સૌથી મોટી હાઈલાઈટ્સમાંનો એક માનવામાં આવી રહ્યો છે.રિતિકે ૨૨ અને ૨૩ જૂન દરમિયાન ચેન્નાઈમાં ફિલ્મ માટે શૂટિંગ કર્યું હતું. અહેવાલો મુજબ તેનો કેમિયો માત્ર દેખાવ પૂરતો નથી, પરંતુ ફિલ્મની વાર્તાને મહત્વપૂર્ણ વળાંક આપનાર ભૂમિકા ભજવશે. ફિલ્મમાં હૃતિક એક અલગ અને ખાસ લૂકમાં જોવા મળશે, જેને હાલ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવ્યો છે. શૂટિંગ દરમિયાન કોઈ પણ પ્રકારની માહિતી અથવા તસવીરો લીક ન થાય તે માટે સેટ પર કડક સુરક્ષા વ્યવસ્થા અને 'નો-ફોન પોલિસી' અમલમાં મુકાઈ હતી. આ પહેલાં વર્ષ ૧૯૮૬માં આવેલી ફિલ્મ 'ભગવાન દાદા'માં બાળ કલાકાર તરીકે રિતિકે રજનીકાંત સાથે કામ કર્યું હતું. લગભગ ચાર દાયકાઓ બાદ બંને ફરી એકવાર કેમેરા સામે સાથે આવવાના છે. સુત્રો અનુસાર, સેટ પર પહોંચતા જ રિતિકે રજનીકાંતના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. શૂટિંગ પહેલાં તે થોડો નર્વસ પણ દેખાયો હતો. બંને કલાકારો વચ્ચે ફિલ્મો, પરિવાર અને જીવન અંગે લાંબી ચર્ચાઓ થઈ હતી. રજનીકાંતે રિતિકના પુત્રો રિદાન અને રિહાન વિશે પણ આત્મીયતાથી પૂછપરછ કરી હતી.

ઝીપએ સાત ભાષાઓની તેની અત્યાર સુધીની સૌથી વ્યાપક બહુભાષી સ્લેટ રજૂ કરી

મનોરંજન માત્ર ટ્રેન્ડ્સને અનુસરતું આગળ નથી વધતું. એ પોતે નવા ટ્રેન્ડ્સ બનાવીને આગળ વધે છે. ભારતના સૌથી મોટા સ્વદેશી વિડિયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ, ઝીપએ નવી પેઢીના દર્શકો માટે ખાસ તૈયાર કરાયેલી વાર્તાઓ, સર્જકો અને ફોર્મેટ્સના એના અત્યાર સુધીના સૌથી મહત્વાકાંક્ષી બહુભાષી પ્રદર્શનની રજૂઆત કરી છે. હિંદી, તામિલ, તેલુગુ, મરાઠી, મલયાલમ, કન્નડ અને બંગાળી ભાષામાં ફેલાયેલો આ મંચ મૂવીઝ, સિરીઝ, લાઈવ સ્પોર્ટ્સ, એઆઈ-સંચાલિત સ્ટોરીટેલિંગ, એનિમેશન અને કિડ્સ એન્ટરટેઈનમેન્ટના વ્યાપક લાઈન-અપને એક સ્થળે લાવે છે.આ અવસરે ઝીપના બિઝનેસ હેડ તેજકરણ સિંહ બજાજે જણાવ્યું હતું, ઝીપપર અમે માત્ર મનોરંજનક્ષેત્રને અનુસરવામાં નથી માનતા, અમે તેને નવો આકાર આપવામાં માનીએ છીએ. અમે જે કોઈ વાર્તા કહીએ છીએ તે સરળ ફિલસૂફીથી પ્રેરિત હોય છેઃ સાહસિક પ્રોજેક્ટ્સને પીઠબળ, બિનપરંપરાગત વિચારોને પ્રોત્સાહન આપવું અને એવા અનુભવો સર્જવા જે દર્શકોને

અન્યત્ર કશેય ના મળી શકે. સાત ભાષાઓમાં મૂવીઝ, સિરીઝ, લાઈવ સ્પોર્ટ્સ, એઆઈ સંચાલિત સ્ટોરીટેલિંગ, એનિમેશન અને કિડ્સ કન્ટેન્ટના માધ્યમથી ભારતના કેટલાક સૌથી પ્રખ્યાત ફિલ્મમેકર્સ, પ્રોડક્શન હાઉસીસ અને કલાકારોને એકસાથે લાવતી અમારી આ સ્લેટ અમારા ઉદ્દેશની અત્યાર સુધીની સૌથી મોટી ઘોષણા છે. જોકે એ અમારા ટ્રાન્સફોર્મેશનનો એક ભાગમાત્ર છે. અમે બોલ્ડ કન્ટેન્ટ વિઝનની સાથે ભારતીય દર્શકોની બદલાતી જરૂરિયાતો સંતોષવા સ્માર્ટર ટેકનોલોજી, બહેતર પ્રોડક્ટ એક્સપિરિયન્સ અને વધુ વ્યક્તિગતકરણ સાથે ભવિષ્યલક્ષી (ફ્યુચર રેડી) એન્ટરટેઈનમેન્ટ પ્લેટફોર્મ બનાવી રહ્યા છીએ. આ સ્લેટ માત્ર ટાઈટલ્સની લાઈન અપ નહીં હોઈને ભારતનું સૌથી માનીતું સ્વદેશી મનોરંજન પ્લેટફોર્મ સર્જવાનું જારી રાખવાની અમારી પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે, એવું પ્રતિબંબ કે જેમાં દેશની સૌથી આકર્ષક વાર્તાઓ, અગ્રણી સર્જકો અને સાહસિક વિચારો એક મંચ પર આવે છે."ઝીપના ચીફ કન્ટેન્ટ ઓફિસર રાઘવેન્દ્ર હુન્સુરે જણાવ્યું હતું, "સ્લેટ માટેના દરેક ટાઈટલને ખાસ ઉદ્દેશથી પસંદ કરાયાં છે. અમારા માટે સારા કન્ટેન્ટનો અર્થ માત્ર કન્ટેન્ટનો જથ્થો વધારવો નથી પણ એવી વાર્તાઓને પ્રોત્સાહિત કરવાનો છે જે દર્શકો સાથે અર્થપૂર્ણ રીતે સંકળાય. ભારતના દર્શકો હવે વિવધ ભાષાઓ, જોનર (પ્રકાર) અને ફોર્મેટ્સ સાથે ખૂબ સહજતાથી કનેક્ટ થાય છે અને અમારી કન્ટેન્ટ સ્ટ્રેટેજી તે શિફ્ટને પ્રતિબિંબિત કરવા માટે જ સર્જાઈ છે. આ સ્લેટ એવી વાર્તાઓને એકસાથે લાવે છે જે વ્યુઇંગની વૈવિધ્યસભર અપેક્ષાઓ સંતોષે છે. અમારું ફોકસ એવી વાર્તાઓના હિમાયતી થવાનું છે જે પોતાની પસંદગીઓમાં નિર્ભય, વ્યાપમાં બિનપરંપરાગત, અવાજમાં બુલંદ અને ભારત તથા બહારના દર્શકો સાથે પણ કનેક્ટ થવાની શ્રેષ્ઠ ક્ષમતા ધરાવતાં હોય."મનોરંજન નીડર, સાંસ્કૃતિક મૂળિયાં સાથે સંકળાયેલું અને અવગણી ના શકાય તેવું હોવું જોઈએ તેવી દૃઢ માન્યતા પર બનેલી આ નવી સ્લેટ ઝીપનું દીર્ઘકાલીન વિઝન દર્શાવે છે, જેનો ઉદ્દેશ્ય એવી વાર્તાઓ સર્જવાનો છે જે નર્યું મનોરંજન કરવાને બદલે સંવાદ આદરે, સંસ્કૃતિને ઘડે અને ભાષાઓ તથા સરહદોની પાર પહોંચે. પ્રતિષ્ઠિત ફેન્ચાઈઝીસ અને પ્રીમિયમ ઓરિજિનલ્સથી માંડીને નવા ફોર્મેટ્સ બનાવવા સુધી, ઝીપભારત અને વિશ્વભરના દર્શકો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને વધુ ઊંડી બનાવવા સાથે સ્ટોરીટેલિંગની સરહદો વિસ્તારવાનું જારી રાખે છે.

બૉલીવુડની હૉટ એક્ટ્રેસ રવીના ટંડનની લાડલી રાશા થડાની અત્યારે માત્ર ૨૨૧ વર્ષની જ છે, અને તેને સુંદરતામાં મોટી મોટી હીરોઈનોને પણ માત આપી છે. રાશાને સુંદરતા વારસામાં મળી છે. રાશાની ઈન્સ્ટાગ્રામ પ્રૉફાઈલ પર નજર નાંખશો તો ખબર પડશે કે તે કેટલી સુંદર છે, રાશાની તસવીરો રવીના ટંડનનો જુનો અંદાજ યાદ અપાવી રહી છે.

IND vs ZIM : વૈભવ અને અભિષેક કરશે ઓપનિંગ! આવી હોઈ શકે છે ટીમ ઈન્ડિયાની પ્લેઇંગ-11

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે આવતીકાલે 23 જુલાઈના રોજ હરારેમાં પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચ રમાશે.T20 વર્લ્ડ કપમાં આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામે T20 સીરિઝ હાર બાદ ટીમ ઈન્ડિયા અહીં પહોંચી હતી.શ્રેયસ અૈયરની કેપ્ટનશીપ હેઠળ ભારત તેની ત્રીજી સીરિઝ રમશે.આ વખતે ઝિમ્બાબ્વે ઝિમ્બાબ્વેનો સામનો કરશે,પરંતુ તાજેતરમાં જ તેઓએ ઘરેલુ મેદાન પર સારી ક્રિકેટ રમીને બાંગ્લાદેશને આશ્ચર્યચકિત કર્યું.આ મેચોને રોમાંચક બનાવશે,પરંતુ પ્રથમ મેચ પહેલા,તમારે જાણવું જોઈએ કે ભારતની પ્લેઈંગ ઈલેવન શું હોઈ શકે છે.

ટીમ ઈન્ડિયાની સંભવિત પ્લેઈંગ ઈલેવનને જોતા, ડાબોડી બેટ્સમેન વૈભવ સૂર્યવંશી અને અભિષેક શર્મા ઈનિંગની શરૂઆત કરશે, કારણ કે સંજુ સેમસનને આ સીરિઝ માટે બહાર કરવામાં આવ્યો છે. દરમિયાન, પ્રભસિમરન સિંહને તક મળવાની શક્યતા ઓછી છે. ઈશાન કિશન ત્રીજા નંબર પર વિકેટકીપર-બેટ્સમેન તરીકે રમશે, જ્યારે કેપ્ટન શ્રેયસ અૈયર ચોથા નંબર પર જવાબદારી સંભાળશે. ઉપ-કેપ્ટન તિલક વર્મા પાંચમા નંબર પર

રમે તેવી શક્યતા છે.

ટોચના પાંચ ખેલાડીઓ માટે બેટિંગ ક્રમ નક્કી છે, પરંતુ તે પછી, શિવમ દુબે અને રિંકુ સિંહને તક મળવાની શક્યતા છે. જોકે, સમસ્યા એ છે કે જો બંને બોલર રમે છે, તો ફક્ત ચાર યોગ્ય બોલિંગ વિકલ્પો હશે. આ સ્થિતિમાં, શિવમ દુબે અને તિલક વર્માએ ચાર-ચાર ઓવર ફેંકવા પડશે. હર્ષ દુબે 8મા નંબર પર હોઈ શકે છે, પરંતુ જો ભારત સ્પિનર સાથે જાય છે, તો રવિ બિશ્નોઈ પહેલી પસંદગી હશે. બે ફાસ્ટ બોલિંગ વિકલ્પો પ્રિન્સ યાદવ અને મયંક યાદવ હોઈ શકે છે.

જો મેનેજમેન્ટને લાગે છે કે હર્ષ દુબે ઓલરાઉન્ડર અને સ્પિનર તરીકે સારો વિકલ્પ છે, તો તે રમશે. જો કે, જો વધારાના પેસરની જરૂર હોય, તો અશોક શર્માને તક આપી શકાય છે. આ ખૂબ જ અશક્ય છે. જો કે, જો બોજ આ પ્લેઈંગ ઈલેવન સાથે જાય છે, તો શિવમ દુબે, તિલક વર્મા, શ્રેયસ અૈયર, અભિષેક શર્મા અને રિંકુ સિંહને ચાર બોલરો ઉપરાંત પાંચમા બોલરની ઓવર ફેંકવા માટે આગળ વધવું પડશે. શિવમ દુબે સિવાય, અન્ય ખેલાડીઓ તેમની બોલિંગ માટે જાણીતા નથી.

ટીમ ઈન્ડિયાની સંભવિત પ્લેઇંગ 11

વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, ઈશાન કિશન (વિકેટકીપર), શ્રેયસ અૈયર (કેપ્ટન), તિલક વર્મા (ઉપ-કેપ્ટન), શિવમ દુબે, રિંકુ સિંહ, હર્ષ દુબે/અશોક શર્મા, રવિ બિશ્નોઈ, પ્રિન્સ યાદવ અને મયંક.

રિંકુ સિંહને T20 વિશ્વકપ બાદ પડતો મુકાયો, હવે ટીમમાં મળ્યું સ્થાન!

રિંકુ સિંહ ટીમ ઈન્ડિયામાં પાછો ફર્યો છે.તે સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ICC T20 વર્લ્ડ કપ 2026 જીતનાર ટીમનો સભ્ય હતો. ત્યારબાદ તેણે ટીમ છોડી દીધી. જોકે આ સમયગાળા દરમિયાન તેને કેટલીક કૌટુંબિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ હવે તે ફરીથી રમવા માટે પાછો ફરશે. રિંકુ સિંહ માટે ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવવાની અને પોતાનું સ્થાન મજબૂત કરવાની આ એક તક છે.

રિંકુ સિંહને ICC T20 વર્લ્ડ કપ 2026 ટીમમાં સામેલ કરવામાં આવ્યો હોવા છતાં, તે ઘણા રન બનાવવામાં નિષ્ફળ ગયો. તેણે કુલ ચાર મેચ રમી, પરંતુ એક પણ વાર છાપ છોડી શક્યો નહીં. તેણે યુએસએ સામેની મેચમાં છ રન બનાવ્યા. ત્યારબાદ, તેણે નામિબિયા સામેની મેચમાં એક રન બનાવ્યો. તે પાકિસ્તાન સામેની મેચમાં 11 રન બનાવીને અણનમ રહ્યો. ત્યારબાદ તેણે નેધરલેન્ડ સામેની મેચમાં છ રન બનાવ્યા. તેણે દક્ષિણ આફ્રિકા સામે કોઈ યોગદાન આપ્યું નહીં. આ સમય દરમિયાન, રિંકુના પિતાનું પણ અવસાન થયું, જે એક મોટો આંચકો હતો.

આ પછી, જ્યારે માર્ચમાં IPL શરૂ થઈ, ત્યારે તે પહેલી કેટલીક ઈનિંગ્સમાં રન બનાવવામાં નિષ્ફળ ગયો. પહેલી ત્રણ ઈનિંગ્સમાં તે બે આંકડા સુધી પહોંચી શક્યો નહીં. ભલે તે અલગ અલગ સ્થાનો પર બેટિંગ કરતો રહ્યો, પણ તે રન બનાવવામાં અસમર્થ રહ્યો. જોકે, જેમ જેમ ટુર્નામેન્ટ આગળ વધતી ગઈ, રિંકુ પોતાનું ફોર્મ પાછું મેળવવામાં સફળ રહ્યો. આ પછી, તેણે સારી બેટિંગ કરી અને અણનમ રહ્યો.

ત્યારબાદ, જ્યારે આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સીરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી, ત્યારે તેને તેમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. પરંતુ હવે તેને ઝિમ્બાબ્વે સામે તક આપવામાં આવી છે. એવી અપેક્ષા છે કે તે શ્રેણીની બધી મેચ રમશે. આનાથી તેને પોતાનું સ્થાન મજબૂત કરવાની તક મળશે. તે ટીમમાં અંદર અને બહાર રહ્યો છે, અને રિંકુ પાસે આને રોકવાની તક છે. શ્રેણીની પહેલી મેચ 23 જુલાઈએ રમાશે. યાદ અપાવવા માટે, પહેલી મેચ IST પર સાંજે 4:00 વાગ્યે શરૂ થશે. ટોસ અડધો કલાક વહેલો, સાંજે 4:00 વાગ્યે થશે. મેચ રાત્રે 8:00 વાગ્યા સુધીમાં પૂરી થઈ જશે.

ભારતીય બોક્સિંગ ટીમનો સામાન એરપોર્ટ પરથી થયો ગુમ

2026 કોમનવેલ્થ ગેમ્સ સ્કોટલેન્ડના ગ્લાસગોમાં 23 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન યોજાશે. ગ્લાસગોએ અગાઉ 2014માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું.આ વર્ષે 74 દેશોના આશરે 3,000 રમતવીરો 11 દિવસીય રમતોમાં ભાગ લેશે,જેમાં ભારતના 126 રમતવીરો મેડલ માટે સ્પર્ધા કરશે.જોકે 2026 ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ શરૂ થાય તે પહેલાં,ભારતીય બોક્સિંગ ટીમને મોટી કટોકટીનો સામનો કરવો પડ્યો છે.બેલફાસ્ટમાં તાલીમ શિબિર પૂર્ણ કરીને ગ્લાસગો પહોંચેલી 22 સભ્યોની ભારતીય બોક્સિંગ ટીમનો લગભગ અડધો સામાન બેલફાસ્ટ એરપોર્ટ પર છોડી દેવામાં આવ્યો છે.

ગુમ થયેલ બેગમાં ખેલાડીઓની તાલીમ કીટ, તેમજ ગુરુવારના ઉદ્ઘાટન સમારોહ માટે સત્તાવાર અને ઔપચારિક ગણવેશનો સમાવેશ થાય છે.ભારતીય ટુકડીના સભ્યોના જણાવ્યા અનુસાર,બેલફાસ્ટથી ગ્લાસગો જતું વિમાન ખૂબ નાનું હતું,જેના કારણે બધો સામાન એકસાથે લોડ થઈ શક્યો નહીં. જે ખેલાડીઓનો સામાન પાછળ રહી ગયો હતો તેમાં વિશ્વ ચેમ્પિયન જાસ્મીન લંબોરિયા,સાક્ષી ચૌધરી,પરવીન હુડા,જદુમણી સિંહ,કપિલ પોખરિયા અને પુરુષોના મુખ્ય કોચ સી.કુટ્ટપ્પાનો સમાવેશ થાય છે. આશ્ચર્યજનક રીતે, ભારતીય બોક્સિંગ ટીમ સાથે સંકળાયેલી આવી બેદરકારીનો આ બીજો બનાવ છે. આ મહિનાની શરૂઆતમાં જ્યારે ટીમ દોહાથી બેલફાસ્ટ માટે રવાના થઈ ત્યારે એરલાઈન્સ દ્વારા પણ આવી જ બેદરકારીની જાણ કરવામાં આવી હતી. વધુમાં, ટીમ મેનેજમેન્ટે બીજી ખામી અંગે ચિંતા વ્યક્ત કરી છે. મહિલા બોક્સિંગ કોચ મંદાકિની ચાનુને અન્ય બોક્સરોની જેમ જ હોટલમાં રૂમ ફાળવવામાં આવ્યો નથી, જેના કારણે કોચ અને રમતવીરો વચ્ચે સંકલન કરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે.

ભારત સામેની T20 સીરિઝ માટે ઝિમ્બાબ્વે ટીમ જાહેર, 3 ખતરનાક ખેલાડીઓની એન્ટ્રી!

ઝિમ્બાબ્વે ઘરઆંગણે ભારત સામે ત્રણ મેચની T20 સીરિઝ રમશે. ઝિમ્બાબ્વે ક્રિકેટે તેના માટે ટીમની જાહેરાત કરી છે. ઝિમ્બાબ્વેએ તાજેતરમાં બાંગ્લાદેશ સામે ઘરઆંગણે છેલ્લી T20 સીરિઝ રમી હતી, અને ટીમમાં ત્રણ ફેરફારો કરવામાં આવ્યા છે. ઓલરાઉન્ડર વેસ્લી માધેવેરે અને ફાસ્ટ બોલર ન્યુમેન ન્યામહુરી ઈજામાંથી સ્વસ્થ થયા બાદ 15 સભ્યોની ટીમમાં પાછા ફર્યા છે, જ્યારે વિકેટકીપર-બેટ્સમેન તફાદ્ઝવા ત્સિગાને પહેલીવાર T20 ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ સીરિઝમાં અનુભવી ઝિમ્બાબ્વે ક્રિકેટ ખેલાડી સિકંદર રઝા ટીમનું નેતૃત્વ કરતો જોવા મળશે.

ઝિમ્બાબ્વેની ટીમ ભારત સામે T20 સીરિઝની પહેલી મેચ રમશે, જ્યારે આગામી બે મેચ 25 અને 26 જુલાઈએ રમાશે, જે ત્રણેય મેચ હરારે સ્પોર્ટ્સ ક્લબ ગ્રાઉન્ડ પર રમાશે. ઝિમ્બાબ્વે દ્વારા જાહેર કરાયેલી ઝિમ્બાબ્વે ટીમમાં બ્રાયન બેનેટ, રાયન બર્લ અને ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝારાબાનીનો સમાવેશ થાય છે. આ ત્રણેય ખેલાડીઓને અનુભવી ખેલાડીઓ માનવામાં આવે છે. તેથી, સિકંદર રઝાની સાથે તેમનું પ્રદર્શન પણ મહત્વપૂર્ણ રહેશે. આ T20 શ્રેણી માટે ન્યામહુરીની જગ્યાએ ટીમમાં સામેલ કરાયેલા તનાકા ચિવાંગા પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યા છે.

ઝિમ્બાબ્વેએ ભારત સામે ત્રણ T20 મેચ હરાવ્યું

ભારત સામે T20 મેચમાં ઝિમ્બાબ્વેનો રેકોર્ડ ખાસ પ્રભાવશાળી નથી. બંને ટીમો વચ્ચે કુલ 14 T20 મેચ રમાઈ છે, જેમાં ભારતે 11 મેચ જીતી છે, જ્યારે ઝિમ્બાબ્વે ફક્ત ત્રણ મેચ જીતી શક્યું છે. તેથી, આ સીરિઝ તેમના માટે સરળ રહેશે નહીં.

T20I સીરિઝ માટે ઝિમ્બાબ્વેની ટીમ

સિકંદર રઝા (કેપ્ટન), બ્રાયન બેનેટ, રેયાન બર્લ, તનાકા ચિવાંગા, બેન કરન, બ્રાડ ઈવાન્સ, વેસ્લી માધવેરે, તડવાનાશે મારુમાની, વેલિંગ્ટન મસાકાડઝા, બ્લેસિંગ મુઝારાબાની, ડીયોન માયર્સ, રિચાર્ડ નગારાવા, ન્યુમેન ન્યામહુરી, મિલ્ટન શુમ્બા, તફાદ્ઝવા ત્સિગા.

ICC રેન્કિંગમાં નંબર 1નું સ્થાન ચૂક્યો શુભમન ગિલ, રોહિત શર્મા અને વિરાટ કોહલીને થયો ફાયદો

ICC રેન્કિંગમાં ફરી એકવાર ફેરફાર થયો છે. આ દરમિયાન ભારતીય ટીમનો કેપ્ટન શુભમન ગિલ નંબર વન ODI બેટ્સમેન બનવાથી થોડીક દૂર રહ્યો. તે ફક્ત એક રેટિંગ પોઈન્ટથી પાછળ રહી ગયો, જો તેને થોડા વધુ રન બનાવ્યા હોત, તો તે નંબર વન સ્થાન મેળવવામાં સફળ રહ્યો હોત. રોહિત શર્મા અને વિરાટ કોહલીને રેટિંગનો ફાયદો થયો છે. ICCએ ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ ODI સિરીઝ પછી નવું રેન્કિંગ જાહેર કર્યું છે. શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ ટીમ ઈન્ડિયાને સિરીઝમાં હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ રોહિત શર્માએ છેલ્લી મેચમાં શાનદાર સદી ફટકારી હતી.

ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ વનડે સિરીઝ બાદ ICC એ નવું રેન્કિંગ જાહેર કર્યું છે. ન્યુઝીલેન્ડનો ડેરિલ મિચેલ નંબર વન બેટ્સમેન તરીકે યથાવત છે, જે હાલમાં 802 રેટિંગ પર છે. આ દરમિયાન ઈંગ્લેન્ડ સામે સારું પ્રદર્શન કરનાર કેપ્ટન શુભમન ગિલમાં બહુ સુધારો જોવા મળ્યો નથી. તે હાલમાં 801 રેટિંગ પર છે. આનો અર્થ એ છે કે પ્રથમ અને બીજા ક્રમના બેટ્સમેન વચ્ચે ફક્ત એક પોઈન્ટનો તફાવત છે. પરંતુ ટીમ ઈન્ડિયા હાલમાં કોઈ વનડે મેચ નહીં રમી રહી હોવાથી, તે ટોચના સ્થાને પહોંચે તેવી કોઈ શક્યતા નથી.

સ્ટાર ભારતીય બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્માએ પણ ઈંગ્લેન્ડ સામે સારું પ્રદર્શન કર્યું. આનાથી તેમના રેન્કિંગમાં કોઈ ફેરફાર થયો નથી, પરંતુ તેમને રેટિંગમાં વધારો થવાનો ફાયદો થયો છે. અગાઉ, વિરાટ કોહલીનું રેટિંગ 757 હતું, અને રોહિત શર્માનું 744 હતું. હવે અપડેટેડ રેટિંગમાં વિરાટ કોહલી 767 ના રેટિંગ સાથે ત્રીજા નંબરે છે, અને રોહિત શર્મા 758 ના રેટિંગ સાથે ચોથા સ્થાને છે. આનો અર્થ એ થયો કે તેમના રેન્કિંગમાં કોઈ ફેરફાર થયો નથી. ટોપ 5માં ત્રણ ભારતીય બેટ્સમેનનો સમાવેશ થાય છે.

આ દરમિયાન પાકિસ્તાનના બાબર આઝમ એક સ્થાન આગળ વધીને છઠ્ઠા નંબરે પહોંચી ગયો છે. આયર્લેન્ડનો હેરી ટ્રેક્ટર પણ એક સ્થાન આગળ વધીને સાતમા નંબરે પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડના જો રૂટે આ વખતે 4 સ્થાન આગળ વધીને આઠમા નંબરે પહોંચી ગયો છે, જેનાથી તે ફરીથી ટોપ 10માં સ્થાન મેળવી શક્યા છે. ભારત સામે અણનમ 99 રનનો તેને ફાયદો થઈ રહ્યો હોય તેવું લાગે છે.

હાર્દિક પંડ્યાની જગ્યા લેવા નીતિશ રેડ્ડી પર દબાણ? શંકામાં BCCIનું CoE!

ઈંગ્લેન્ડમાં ODI સિરીઝમાં હાર બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે ખેલાડીઓની ફિટનેસ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. હવે એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે BCCIનું સેન્ટર ઓફ એક્સેલન્સ વારંવાર થતી હેમસ્ટ્રિંગ ઈજાઓ અને ખેલાડીઓના વર્કલોડ મેનેજમેન્ટને કારણે તપાસ હેઠળ છે. નીતિશ કુમાર રેડ્ડીનો કેસ પણ ચર્ચા હેઠળ છે.

ઈંગ્લેન્ડ સામેની વનડે સિરીઝ હાર્યા બાદ ભારતીય ટીમના વનડે અને ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલે ખેલાડીઓની ફિટનેસ અંગે ખુલ્લેઆમ ચિંતા વ્યક્ત કરી હતી. હવે એક નવા રિપોર્ટમાં ભારતીય ક્રિકેટની ફિટનેસ સિસ્ટમ પર ગંભીર સવાલો ઉભા થયા છે. મીડિયા રિપોર્ટ મુજબ વારંવાર થતી ઈજાઓ ખાસ કરીને હેમસ્ટ્રિંગ ઈજાઓએ BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સની કામગીરીને તપાસના દાયરામાં લાવી દીધી છે.

મીડિયા રિપોર્ટ મુજબ ગયા વર્ષે સપોર્ટ સ્ટાફમાં ફેરફાર બાદ ઘણા સિનિયર ખેલાડીઓને નવી સિસ્ટમમાં સમાયોજિત થવામાં મુશ્કેલી પડી રહી છે. આનાથી ટીમ મેનેજમેન્ટ અને સેન્ટર ઓફ એક્સેલન્સ

વચ્ચેના સંકલન પર પણ સવાલો ઉભા થયા છે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે તાજેતરના મહિનાઓમાં હેમસ્ટ્રિંગ ઈજાઓના ઘણા કેસ નોંધાયા છે. BCCIના એક સૂત્રના જણાવ્યા મુજબ આ સૂચવે છે કે કેટલાક ખેલાડીઓ સંપૂર્ણપણે ફિટ થયા વિના મેદાનમાં ઉતર્યા હતા. સૂત્રના જણાવ્યા મુજબ ખેલાડીઓની ફિટનેસ અને વર્કલોડ મેનેજમેન્ટ અંગે CoE અને ટીમ મેનેજમેન્ટ વચ્ચે અપૂરતી વાતચીત થઈ હતી.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે નીતિન પટેલના રાજીનામા પછી CoE એ હજુ સુધી મેડિકલ સ્ટાફના પ્રમુખની નિમણૂક કરી નથી. વધુમાં 2023માં ઘડવામાં આવેલા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOPs) માં કોઈ મોટા ફેરફારો કરવામાં આવ્યા નથી.

સૂત્રના જણાવ્યા મુજબ ખેલાડીઓની ફિટનેસનો ડેટા પહેલા કરતાં વધુ વ્યવસ્થિત રીતે એકત્રિત કરવામાં આવી રહ્યો છે, પરંતુ તે ડેટાના આધારે સમયસર નિર્ણય લેવાની પ્રક્રિયા ધીમી પડી ગઈ છે. આ જ કારણે ઈજાની સમસ્યા વધી રહી હોય તેવું લાગે છે. રિપોર્ટમાં એ પણ સૂચવવામાં આવ્યું છે કે ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી પર ટીમનું સંતુલન જાળવવા અને હાર્દિક પંડ્યા જેવી જ ભૂમિકા ભજવવા માટે વધારાનું દબાણ હતું. પરંતુ રિપોર્ટમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે શું તેમની ઈજા આ દબાણનું સીધું પરિણામ હતું. હાલમાં BCCIની તબીબી વ્યવસ્થા અને તેના સેન્ટર ઓફ એક્સેલન્સની કામગીરી પર ઈજાઓની વધતી સંખ્યા અને ફિટનેસ મેનેજમેન્ટ અંગે સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે.

ડેવિડ વોર્નરે પોતાનો ગુનો સ્વીકાર્યો, 18 ઓગસ્ટે સજા મામલે થશે સુનાવણી, થઈ શકે છે જેલ

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટ ખેલાડી ડેવિડ વોર્નર ફરી એકવાર એક મોટા વિવાદમાં ફસાયેલા દેખાય છે,આ વખતે તેને જેલની સજા થવાની સંભાવના છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી ફ્રેન્ચાઇઝી T20 લીગમાં રમવાનું નક્કી કરનાર વોર્નર 2026 પાકિસ્તાન સુપર લીગ સીઝનમાં રમતી વખતે ઈસ્ટર દરમિયાન ઓસ્ટ્રેલિયા પાછો ફર્યો હતો.પોલીસે તેને ડ્રાઇવિંગ કરતી વખતે રોક્યો અને તેને નશામાં મળ્યો. વોર્નરે હવે આ કેસમાં પોતાનો ગુનો કબૂલ કર્યો છે,જેના કારણે તેને જેલની સજા થઈ શકે છે. કોર્ટ 18 ઓગસ્ટે તેની સજા સંભળાવશે.

PSL 2026 માં સીઝનના મધ્યમાં વિરામ દરમિયાન ડેવિડ વોર્નર ઈસ્ટર માટે ઘરે પાછો ફર્યો હતો, અને પોલીસે તેને ડ્રાઇવિંગ કરતી વખતે અટકાવ્યો હતો. ક્રિકઇન્ફો અનુસાર, વોર્નરને 21 જુલાઈના રોજ વેવરલી સ્થાનિક કોર્ટમાં હાજર થવાની જરૂર નહોતી, પરંતુ તેના વકીલ, બોબી હિલે જણાવ્યું હતું કે બેટ્સમેન ઈસ્ટર સન્ડેના રોજ મધ્યમાં દારૂ પીને વાહન ચલાવવાના આરોપમાં દોષિત ઠેરવ્યો હતો. હિલે જણાવ્યું હતું કે બંને પક્ષો તથ્યો પર ચર્ચા કરી રહ્યા છે. 5 એપ્રિલના રોજ સિડનીના પૂર્વમાં રોડસાઇડ ટેસ્ટમાં વોર્નર દારૂ પીને વાહન ચલાવવા બદલ પોઝિટિવ આવ્યો હતો. જ્યારે તેને બીજા ટેસ્ટ માટે મારુબ્રા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો ત્યારે વોર્નરના બ્લડ આલ્કોહોલ રીડિંગ 0.104 હતું, જે કાનૂની મર્યાદા કરતાં બમણાથી વધુ હતું. વોર્નરને હવે 18 ઓગસ્ટના રોજ સજા ફટકારવામાં આવશે. તેને ઓછામાં ઓછા છ મહિનાનો ડ્રાઇવિંગ પ્રતિબંધ, 2,200 ઓસ્ટ્રેલિયન ડોલર સુધીનો દંડ અને મહત્તમ નવ મહિનાની જેલની સજાનો સામનો કરવો પડશે.

વૃંદાવનમાં વિરાટ-અનુષ્કાની ભક્તિ જોવા મળી

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર વિરાટ કોહલી અને બોલીવુડ એક્ટ્રેસ અનુષ્કા શર્માએ ગુરુ પૂર્ણિમા પહેલાં વૃંદાવન પહોંચીને સંત પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લીધા. બંને શ્રી હિત રાધા કેલી કુંજ આશ્રમમાં દર્શન કર્યા પછી બહાર નીકળતા દેખાયા, જ્યાં તેમણે લોકોને 'રાધે-રાધે' કહીને અભિવાદન કર્યું. તેમનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે અને ફેન્સ તેમની સાદગીના જબરદસ્ત વખાણ કરી રહ્યા છે.

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને તેમની પત્ની તથા બોલીવુડ એક્ટ્રેસ અનુષ્કા શર્મા એકવાર ફરી આધ્યાત્મિક નગરી વૃંદાવન પહોંચ્યા. બંનેએ સંત પ્રેમાનંદ મહારાજના શ્રી હિત રાધા કેલી કુંજ આશ્રમમાં પહોંચીને તેમના આશીર્વાદ લીધા. આશ્રમ સુધી પહોંચવા દરમિયાન બંને કાદવ ભરેલા રસ્તા પર ખુલ્લા પગે ચાલતા નજરે પડ્યા, તેમની આ જ સાદગી હવે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગઈ છે. ગુરુ પૂર્ણિમાથી બરાબર પહેલાં થયેલી આ યાત્રાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. કોહલી તાજેતરમાં જ ઈંગ્લેન્ડ સામે વનડે સીરિઝ રમતા નજરે પડ્યા હતા. વાયરલ વીડિયોમાં વિરાટ અને અનુષ્કા આશ્રમ પરિસરથી બહાર નીકળતા

દેખાય છે. બંને ખૂબ જ સાદગી ભરેલા અંદાજમાં પોતાની કાર તરફ આગળ વધે છે. આ દરમિયાન ત્યાં હાજર લોકોનું તેમણે 'રાધે-રાધે' કહીને અભિવાદન પણ કર્યું. તેમના આ વર્તને વૃંદાવનવાસીઓના દિલ જીતી લીધા અને સોશિયલ મીડિયા પર લોકો તેમની વિનમ્રતાના ખૂબ વખાણ કરી રહ્યા છે. વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલીય વાર વૃંદાવન પહોંચી ચૂક્યા છે. બંને અવારનવાર પોતાના અંગત અને વ્યાવસાયિક જીવનના મહત્વના તબક્કાઓ પહેલાં પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લેવા આવતા રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સીરિઝ, મોટી સ્પર્ધાઓ અને કારકિર્દીના મહત્વપૂર્ણ નિર્ણયો પહેલાં પણ આ ચર્ચિત જોડી આશ્રમ પહોંચી ચૂકી છે. આ પહેલાં RCB ના IPL 2026 નો ખિતાબ જીત્યા પછી પણ વિરાટ અને અનુષ્કાએ વૃંદાવન પહોંચીને પ્રેમાનંદ મહારાજના દર્શન કર્યા હતા. હવે ગુરુ પૂર્ણિમા પહેલાં તેમની આ નવી યાત્રા એકવાર ફરી ચર્ચાનો વિષય બની ગઈ છે. વિરાટ અને અનુષ્કાની આધ્યાત્મિક આસ્થા કોઈનાથી છૂપી નથી. બંને કેટલીય વાર ખુલ્લીને બતાવી ચૂક્યા છે કે વ્યસ્ત જીવન વચ્ચે અધ્યાત્મ, ધ્યાન અને શાંત વાતાવરણ તેમને માનસિક સંતુલન જાળવી રાખવામાં મદદ કરે છે.

ચિરિપાલ ગ્રૂપે 'ચિરિપાલ મિર્ચી ગ્રીન યોદ્ધા' પહેલ હેઠળ ૫૦,૦૦૦ રોપાના વિતરણ અભિયાનનો શુભારંભ કર્યો

અમદાવાદ, ૨૨

અમદાવાદ સ્થિત ટેક્સટાઇલ ક્ષેત્રના અગ્રણી અને વિવિધ વ્યવસાયોમાં કાર્યરત ચિરિપાલ ગ્રૂપે તેના વાર્ષિક 'ચિરિપાલ મિર્ચી ગ્રીન યોદ્ધા' અભિયાનની પાંચમી આવૃત્તિ અંતર્ગત સમગ્ર અમદાવાદમાં ૫૦,૦૦૦ રોપાનું વિતરણ કરવાના પોતાના સંકલ્પના ભાગરૂપે સમગ્ર શહેરમાં રોપા વિતરણ અભિયાનનો શુભારંભ કર્યો છે. આ પહેલના પ્રથમ તબક્કાના ભાગરૂપે ચિરિપાલ ગ્રૂપ દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ અને લૉ ગાર્ડન ખાતે બે દિવસ દરમિયાન ૨,૦૦૦ રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ શહેરના હરિયાળા આવરણને વિસ્તારવાના પ્રયાસમાં નાગરિકોને સક્રિયપણે ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

અત્યાર સુધીમાં ચિરિપાલ ગ્રૂપ દ્વારા ૨૦ જુલાઈના રોજ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૧,૦૦૦ રોપા અને ૨૧ જુલાઈના રોજ લૉ ગાર્ડન ખાતે વધુ ૧,૦૦૦ રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ રોપા વિતરણ અભિયાન સમગ્ર સપ્તાહ દરમિયાન અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ચાલુ રહેશે, જે અંતર્ગત સાત નિર્ધારિત સ્થળોએ કુલ ૭,૦૦૦ રોપાનું વિતરણ કરવામાં આવશે અને દરેક સ્થળે આશરે ૧,૦૦૦ નાગરિકો સુધી પહોંચવામાં આવશે.

આ રોપા વિતરણ અભિયાન 'ચિરિપાલ મિર્ચી ગ્રીન યોદ્ધા'ની પાંચમી આવૃત્તિનો એક હિસ્સો છે, જે અંતર્ગત ચિરિપાલ ગ્રૂપે એક મહિનાના આ અભિયાન દ્વારા સમગ્ર અમદાવાદમાં ૫૦,૦૦૦ રોપાનું વિતરણ કરવા અને તેના વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ અભિયાન કર્મચારીઓ, સ્વયંસેવકો, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્થાનિક રહેવાસીઓને વૃક્ષારોપણની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અને શહેરના હરિયાળા આવરણને વધારવાના પ્રયાસમાં પોતાનું યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે.

સાબરમતી રિવરફ્રન્ટ અને લૉ ગાર્ડન ખાતે રોપા વિતરણ બાદ આ અભિયાન ૨૨ જુલાઈના રોજ પરિમલ ગાર્ડન, ૨૩ જુલાઈના રોજ સિંધુ ભવન રોડ ખાતે આવેલા ઑક્સિજન પાર્ક, ૨૪ જુલાઈના રોજ શેલા ખાતે આવેલી શાંતિ એશિયાટિક સ્કૂલ, ૨૫ જુલાઈના રોજ પ્રહ્લાદ નગર ખાતે આવેલા ઔડા ગાર્ડન અને ૨૬ જુલાઈના રોજ પ્રહ્લાદ નગર ખાતે આગળ વધશે.

વર્ષ ૨૦૨૨માં શરૂ કરવામાં આવેલા 'ચિરિપાલ મિર્ચી ગ્રીન યોદ્ધા' અભિયાનની પ્રથમ ચાર આવૃત્તિઓ દરમિયાન ૨ લાખ વૃક્ષોના વાવેતરને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. પાંચમી આવૃત્તિ દરમિયાન વધુ ૫૦,૦૦૦ રોપાના વિતરણ અને તેના વૃક્ષારોપણનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો હોવાથી આ અભિયાન હેઠળ વાવવામાં આવેલા વૃક્ષોની કુલ સંખ્યા વધીને ૨.૫ લાખ સુધી પહોંચવાની અપેક્ષા છે.

ટ્રેનોની ગતિ વધારવા રેલવે એક્શનમાં

મુસાફરો ન મળતા ૩૦૦ જેટલા સ્ટોપેજ હટાવાશે

નવી દિલ્હી, તા.૨૨

ભારતીય રેલવે ટૂંક સમયમાં જ લાંબા અંતરની અને પ્રીમિયમ ટ્રેનોની ઝડપમાં મોટો વધારો કરવા જઈ રહી છે. આ માટે દેશભરમાં પ્રાયોગિક ધોરણે આપવામાં આવેલા ૩૦૦થી વધુ ટ્રેન હોલ્ટ (સ્ટોપેજ)ને તબક્કાવાર રીતે નાબૂદ કરવાનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં લાગુ કરી દેવામાં આવશે, જેનાથી મુસાફરોનો મુસાફરી સમય ૧૫થી ૪૫ મિનિટ સુધી ઘટી જશે. રેલવે બોર્ડના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ વચ્ચે સ્થાનિક જનપ્રતિનિધિઓ (સાંસદો અને ધારાસભ્યો)ની ભલામણો અને સ્થાનિક લોકોની માંગને ધ્યાનમાં રાખીને સેંકડો સ્ટેશનો પર ૬ મહિના માટે પ્રાયોગિક ધોરણે ટ્રેનોના સ્ટોપેજ મંજૂર કરવામાં આવ્યા હતા. આ નિર્ણયનો મુખ્ય હેતુ નાના શહેરો અને ગામડાંના લોકોને સીધી રેલ કનેક્ટિવિટી પૂરી પાડવાનો હતો.

નિયમ પ્રમાણે, ૬ મહિના પૂરા થયા પછી આ નવા સ્ટોપેજ પર ટિકિટોના વેચાણ અને તેનાથી થતા આર્થિક ફાયદાની સમીક્ષા કરવાની હતી. રેલવે બોર્ડના તાજેતરના આંકડાઓ તપાસતા માલૂમ પડ્યું કે, આ ૩૦૦થી વધુ સ્ટેશનો બોર્ડના લઘુત્તમ ધોરણ પર પણ ખરા ઊતર્યા નથી, જ્યાં દરરોજ ટ્રેન દીઠ ૧૫ ટિકિટ પણ વેચાતી નહોતી. મુસાફરોની ઓછી સંખ્યા હોવા છતાં ટ્રેનો રોકવાને કારણે કરોડો રૂપિયાનું ઈંધણ અને વીજળી બિનજરૂરી રીતે વેડફાઈ રહ્યા હતા, તેમજ મુખ્ય રૂટ પર ટ્રેનો સમયસર પહોંચવામાં પણ વિલંબ થતો હતો.

RDSOના રિપોર્ટ અનુસાર, ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડતી કોઈ પ્રીમિયમ ટ્રેનને એક સ્ટેશન પર રોકવા અને ફરીથી એ જ સ્પીડ પકડવામાં આશરે પથી ૭ મિનિટનો સમય બગાડે છે. એક સ્ટોપેજ દૂર થવાથી ટ્રેનની પથી ૭ મિનિટ બચશે. જે રૂટ પરથી ૩થી ૪ બિનજરૂરી સ્ટોપેજ હટાવવામાં આવી રહ્યા છે, ત્યાં મુસાફરીનો સમય સીધો ૧૫થી ૪૫ મિનિટ સુધી ઘટી જશે. આ ઉપરાંત, એક સ્ટોપેજ નાબૂદ થવાથી પ્રતિ ટ્રેન ૩૦૦થી ૩૫૦ યુનિટ વીજળી અથવા ૨૦થી ૨૫ લિટર ડીઝલની બચત થશે.

આ વહીવટી સમીક્ષા હેઠળ દિલ્હીથી ઉપડતી આશરે ૧૨ પ્રીમિયમ ટ્રેનો અને ત્રણ મુખ્ય વંદે ભારત રૂટનો સમાવેશ થાય છે. જેમાં સ્વર્ણ જયંતી રાજધાની, અજમેર શતાબ્દી, અમૃતસર શતાબ્દી જેવી ટ્રેનોના રૂટમાંથી ઓછા મુસાફરો ધરાવતા હોલ્ટ હટાવવામાં આવશે. આ સિવાય દેહરાદૂન દુરંતો તેમજ ભોપાલ, અજમેર અને દેહરાદૂન જતી વંદે ભારત ટ્રેનોના પ્રાયોગિક સ્ટોપેજ પણ આ સમીક્ષા હેઠળ સામેલ છે.

GJ-40 બનશે વાવ-થરાદની નવી ઓળખ

પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨૨ : ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વાહન વ્યવહાર ક્ષેત્રે નાગરિકોની સુવિધા માટે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાંથી અલગ અલગ તાલુકાઓને સાંકળીને રચાયેલા નવા વાવ-થરાદ જિલ્લાના નાગરિકોને વાહન વ્યવહાર વિભાગની સેવાઓ હવે સરળતાથી, ઝડપથી અને પારદર્શક રીતે મળશે. આજરોજ તા. ૨૨ જુલાઈ, ૨૦૨૬થી 'સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, થરાદ (GJ-40)'નો વિધિવત પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.

વાવ-થરાદ જિલ્લાના દિયોદર, લાખણી, થરાદ, રાહ, વાવ, ધરણીધર, સુઈગામ અને ભાભર તાલુકાના વાહનચાલકોને હવેથી પોતાના વાહન તથા લાયસન્સ લગતા કામકાજ માટે દૂર જવું પડશે નહીં અને સ્થાનિક સ્તરે જ સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ નવી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી મુ. બુઢનપુર, થરાદ-સાંચોર હાઈવે, થરાદ, જી. વાવ-થરાદ ખાતે કાર્યરત કરવામાં આવી છે.

હવેથી વાવ-થરાદ જિલ્લાના નાગરિકો આ નવી ઈ કચેરી ખાતેથી નવા વાહનની નોંધણી, વાહન માલિકી ફેરફાર, સરનામું સુધારણા, હાઈપોથેકેશન ઉમેરવું / રદ કરવું, વાહન વેરો ભરપાઈ કરવો, ફેન્સી નંબર સંબંધિત સેવાઓ, લર્નિંગ લાયસન્સ, ડ્રાઇવિંગ લાયસન્સ, કંડક્ટર લાયસન્સ સંબંધિત સેવાઓ તથા ઈ-ચલણ જેવી વિવિધ સેવાઓ નવી કચેરી ખાતે સરળતાથી ઉપલબ્ધ થશે.

આ નવી કચેરી શરૂ થવાથી વાવ-થરાદ જિલ્લાના હજારો નાગરિકોનો સમય અને નાણાં બચશે તથા વાહન વ્યવહાર ક્ષેત્રે વધુ પારદર્શિતા અને ઝડપ આવશે.

વલસાડમાં એક મોટી હોનારત ટળી!

ખાનગી બસમાં ફસાયેલા ૧૬ મુસાફરોનો આબાદ બચાવ

વલસાડ, તા.૨૨

વલસાડ જિલ્લાના નાના પોંઢા તાલુકાના અંભેટી નજીક કોપરેલી-વાપી મુખ્ય માર્ગ પર એક મોટી હોનારત ટળી છે. અહીં રસ્તા પર પાણીના ભરાવા કે ખરાબ પરિસ્થિતિ વચ્ચે ફસાયેલી એક ખાનગી બસમાંથી ૧૬ મુસાફરોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

સ્થાનિક પોલીસ, ગ્રામ પંચાયત અને ગામના સજાગ નાગરિકોના સંયુક્ત પ્રયાસોથી આ સફળ રેસ્કયૂ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

નાના પોંઢાના અંભેટી પાસે આવેલ કોપરેલી-વાપી માર્ગ પરથી પસાર થઈ રહેલી એક ખાનગી બસ અચાનક માર્ગ પર ફસાઈ ગઈ હતી.

બસમાં કુલ ૧૬ મુસાફરો સવાર હતા, જેથી સ્થિતિ ગંભીર બની ગઈ હતી. બનાવની જાણ થતાં જ સ્થાનિક તંત્ર અને પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિક ગ્રામજનો, અંભેટી ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ અને પોલીસે મળીને ત્વરિત રેસ્કયૂ કામગીરી શરૂ કરી હતી. તમામના સહિયારા અને સાહસપૂર્ણ પ્રયાસોને લીધે બસમાં ફસાયેલા તમામ ૧૬ મુસાફરોને કોઈ પણ જાતની જાનહાનિ વગર સલામત બહાર કાઢી લેવાયા હતા.

અંભેટી ગ્રામ પંચાયત દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ મુસાફરોનું સફળ રેસ્કયૂ કર્યા બાદ અન્ય કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના પગલાં લેવાયા છે.

માર્ગની બંને બાજુએ બેરિકેડિંગ કરી દેવામાં આવ્યું છે. હાલ પૂરતો આ રસ્તો વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે.

સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને સુરક્ષાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું અનુસરણ કરવા વિનંતી કરવામાં આવી છે.

૩૨૦ રાજ્ય વેરા નિરીક્ષકોને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના હસ્તે નિમણૂંક પત્ર એનાયત કરાયા

પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨૨

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના યુવાનોને રોજગારી પૂરી પાડવા અને વહીવટી તંત્રને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ગુજરાત જાહેર સેવા આયોગ (જીજીઝ) દ્વારા લેવાયેલી સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થયેલા આશરે ૩૨૦ જેટલા નવનિયુક્ત રાજ્ય વેરા નિરીક્ષકોને વિધિવત રીતે નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર ખાતે યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, નાણામંત્રી કનુ દેસાઈ અને નાણા વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિએ આ સમારોહની ગરિમા વધારી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના લાક્ષણિક અંદાજમાં ઉમેદવારો અને અધિકારીઓનું માર્ગદર્શન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આજે નિમણૂંક પત્ર મેળવતી વખતે ઉમેદવારો જોર-જોરથી તાલીઓ પાડી રહ્યા છે, પરંતુ ભવિષ્યમાં તમારું કામ અને વહીવટી કુશળતા એવી હોવી જોઈએ કે આખું ગુજરાત તમારા ઉત્કૃષ્ટ કાર્યોથી તાલીઓ પાડે. સામાન્ય રીતે સરકારી ખાતાઓમાં ફાઈલો ઝડપથી આગળ વધતી હોય છે, પરંતુ નાણા વિભાગની ફાઈલોમાં વિશેષ કાળજી રાખવાની હોય છે જેથી નાણાકીય શિસ્ત જળવાઈ રહે.

મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આપણે વાઈબ્રન્ટ ગુજરાત હેઠળ રાજ્યમાં મોટા પાયે રોકાણો આકર્ષિત કરીએ છીએ, ત્યારે રોકાણકારોને કે ઉદ્યોગોને ક્યારેય પણ કોઈપણ વિભાગના કારણે અડચણ ઊભી ન થાય તેવી પારદર્શક અને ઝડપી વ્યવસ્થા ગોઠવવી અનિવાર્ય છે. આ ૩૨૦ નવા રાજ્ય વેરા નિરીક્ષકોના જોડાવાથી રાજ્યની કરવેરા વસૂલાત પ્રક્રિયા વધુ સક્ષમ બનશે અને ગુજરાતના આર્થિક વિકાસને નવી ગતિ મળશે તેવો દ્રઢ વિશ્વાસ આ પ્રસંગે વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તેમણે નવી નિમણૂક મેળવી રહેલા યુવાનોને આહવાન કર્યું કે, નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવીને રાજ્યની આવકમાં વૃદ્ધિ, નવા પ્રોજેક્ટ અને રોકાણો મેળવવા તથા તેના પરિણામે નવી રોજગારીની તકો ઊભી કરવાના તેમણે સંવાહક બનવાનું છે.

કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નવનિયુક્ત યુવા અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે દરેક ક્ષેત્રમાં સતત શીખવાની વૃત્તિ હોવી જરૂરી છે. કઠિન પરીક્ષા ઉત્તીર્ણ કરીને સેવા ક્ષેત્રે જોડાયેલા યુવાનોએ જે મક્કમતા અને મહેનતથી સફળતા મેળવી છે, તે જ નિષ્ઠા પોતાની સમગ્ર સેવા દરમિયાન પણ જાળવી રાખવી જોઈએ. તેમણે સૂર્યનું ઉદાહરણ આપતા ખૂબ જ સુંદર વાત કરી કે, જેમ સૂર્ય પાણી ખેંચીને પાછું પૃથ્વીને ફળદ્રુપ બનાવવા માટે આપે છે. તે જ રીતે રાજ્ય વેરા વિભાગનું કાર્ય પણ પ્રજાના હિત અને રાજ્યના વિકાસ માટે સમર્પિત હોવું જોઈએ.

નાણાં અને ટેક્સ ડિપાર્ટમેન્ટને રાજ્યના અર્થતંત્રની મહત્વપૂર્ણ કરોડરજ્જુ ગણાવતા તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યની બેલેન્સ શીટ પોઝિટિવ રાખવાની તેમજ તમામ સર્વાંગી વિકાસ કાર્યો માટે નાણાકીય સ્થિરતા અને સંતુલન જાળવવાની આ વિભાગ પાસે અત્યંત જવાબદારીપૂર્વકની ભૂમિકા છે.તેમણે તમામ નવનિયુક્ત સ્ટેટ ટેક્સ ઇન્સપેક્ટર્સને વેપાર-ઉદ્યોગ જગત સાથે યોગ્ય સંકલન સાધીને રાજ્યહિતમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

દુષ્કર્મ કેસમાં આરોપીને આજીવન કેદની સજા

પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદની ગ્રામ્ય કોર્ટે દુષ્કર્મના એક આરોપીને આજીવન કારાવાસ ની સજા તેમજ રૂ. ૬.૩૫ લાખનો દંડ ફટકાર્યો છે. પોલીસે આરોપી સામે પોક્સો અને એટ્રોસિટીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

કેસની વિગત જોતા જણાય છે કે રાજસ્થાનના આરોપી મુકેશ પઢીયાર ૯ વર્ષની દીકરીને સમોસા અપાવવાની લાલચ આપીને પહેલા સમોસાની દુકાને લઈ ગયો હતો. ત્યાં સમોસા અપાવીને પોતાના ઘરની પાછળ આવેલી જાળીઓમાં લઈ ગયો હતો. જ્યાં બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં બાળકી પર શરાબ પણ રડ્યો હતો અને માર માર્યો હતો. દીકરી ઘરે પાછી આવી ત્યારે માતાએ પૂછતા તેણે સઘણી હકીકત જણાવી હતી.

રામ મંદિરમાં દાન ચોરી બાદ મોટી કાર્યવાહી

ગણતરી કરનારા જૂના સ્ટાફના ૩૬ સભ્યોની હકાલપટ્ટી કરાઈ

અયોધ્યા, તા.૨૨

અયોધ્યા સ્થિત શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં દાનની રકમ ચોરી થવાનો કિસ્સો સામે આવ્યા બાદ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે મંદિરની સુરક્ષા અને વહીવટી વ્યવસ્થામાં મોટા પાયે ફેરફારો શરૂ કર્યા છે. ગેરરીતિઓની શક્યતાઓને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે ટ્રસ્ટે મંદિરમાં કાર્યરત તમામ ૩૪૯ કર્મચારીઓની સ્ક્રીનિંગ પ્રક્રિયા હાથ ધરી છે, જેમાં કર્મચારીઓની પૃષ્ઠભૂમિકા અને તેમની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

સૌથી મોટો અને મહત્વનો ફેરફાર દાનની ગણતરી કરવાની પ્રક્રિયામાં કરવામાં આવ્યો છે. ટ્રસ્ટ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ સંયુક્ત રીતે નવી સિસ્ટમ લાગુ કરી છે. આ અંતર્ગત દાનની ગણતરી સાથે જોડાયેલા જૂના તમામ ૩૬ કર્મચારીઓને પ્રક્રિયામાંથી સંપૂર્ણપણે હટાવી દેવામાં આવ્યા છે. હવે રોકડ દાનની ગણતરીની સમગ્ર જવાબદારી SBI દ્વારા તૈનાત કરાયેલા નવા અને અધિકૃત સ્ટાફને સોંપવામાં આવશે.

નવા મહાસચિવની પસંદગી: પૂર્વ મહાસચિવ ચંપત રાયના રાજીનામા બાદ ખાલી પડેલી જગ્યા પર નવા મહાસચિવની નિમણૂક કરાશે. સૂત્રોના જણાવ્યા મુજબ, નવા મહાસચિવ વિશ્વ હિન્દુ પરિષદ (VHP) માંથી જ હશે તે નક્કી મનાય છે. નવા સભ્યોનો સમાવેશ: પૂર્વ સભ્ય ડો. અનિલ મિશ્રાના રાજીનામા અને બિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રના નિધન બાદ ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં આવશે. રાજપરિવારના સભ્ય અને સાહિત્યકાર યતીન્દ્ર મિશ્ર તેમજ અયોધ્યાના કોઈ પ્રમુખ સંતને ટ્રસ્ટમાં સ્થાન મળી શકે છે.

દેશમાં ૧૫૦થી વધુ પેપર લીક: ૭.૫ કરોડ વિદ્યાર્થી અને તેના પરિવારોને સીધી અસર

અમદાવાદ, તા.૨૨

આજે દેશમાં પેપર લીક એક મહામારી બની ગઈ હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે. ટઈઈ, ત્નઈઈ, જીજીમ, જીઝ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાનો વિદ્યાર્થી દીઠ આશરે નવ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. દેશમાં ૯ કરોડ યુવાનો વિવિધ પરીક્ષાઓની તૈયારી કરે છે. જેના કારણે પરિવાર પર આર્થિક બોજ, પરિવારનું દબાણ અને આટલું ઓછું હોય તેમ ભ્રષ્ટનીતિને કારણે લાખો યુવાનો વય મર્યાદા વટાવી જતા હોવાથી તકથી વંચિત રહી જાય છે. સમગ્ર વ્યવસ્થા પર કોચિંગ સેન્ટર, પરીક્ષા કેન્દ્ર, પેપર કાઢનાર, અનુવાદ કરનાર, પેપર છાપનાર અને ટ્રાન્સપોર્ટર અને સૌથી ઉપર સરકારી મંત્રાલય કબજો કરીને બેઠા હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું છે કે, ભાજપ સરકારની ભ્રષ્ટ શિક્ષણ વ્યવસ્થા અને નીતિ, મેળાપીપણાં અને સિસ્ટમ ફેલ કરનારા તત્વો બેખૌફ બની ગયા છે. ગુજરાતની વાત કરીએ તો ૨૪થી વધુ પેપરો લીક થયા છે. જેમાં મુખ્યત્ત્વે જુનિ.ક્લાર્ક, ઊર્જા વિભાગ, તલાટી, ટેટ-ટાટ, બિન સચિવાલય, નાયબ ચીટનીસ, ક્લાર્ક, વન ગાર્ડ સહિતની પોસ્ટનો સમાવેશ થાય છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કોટાથી છાત્રો કી ગુંજ કાર્યક્રમનો પ્રારંભ કરી વિદ્યાર્થીઓની સમસ્યાઓ સરકારના કાન સુધી પહોંચાડવાની શરૂઆત કરી હતી. છેલ્લે રાહુલ ગાંધીએ દહેરાદૂનમાં 'છાત્રો કી ગુંજ' મેગા રેલીને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે, દેશમાં ૧૫૦થી વધુ પેપર લીકની ઘટનાઓએ ૭.૫ કરોડ વિદ્યાર્થી અને તેમના પરિવારો ઉપર વિપરીત અસર કરી છે.

નીચાણવાળા વિસ્તારોમાં મોનિટરિંગ શરૂ

ગુજરાતમાં વરસાદી સંકટ વચ્ચે NDRFની ટીમો એલર્ટ

ગાંધીનગર, તા.૨૨

ચોમાસાની ભયાનક શરૂઆત સાથે જ ગુજરાત પર ભારે વરસાદી સંકટ ઘેરાયું છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેને પગલે સમગ્ર તંત્ર હરકતમાં આવી ગયું છે.

આ પરિસ્થિતિને પહોંચી વળવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દ્રઢઈહ્વની ૦૬ બટાલિયન દ્વારા સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન સાધીને સંવેદનશીલ વિસ્તારોમાં બચાવ ટુકડીઓ તૈનાત કરી દેવામાં આવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ જિલ્લાઓમાં પૂર અને જળબંબાકારની સ્થિતિ સામે દ્રઢઈહ્વના જવાનોને એલર્ટ મોડ પર મૂકવામાં આવ્યા છે.

સુરત શહેરમાં સતત વરસી રહેલા વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે, જેને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રે તાત્કાલિક પગલાં લીધાં છે. ભારે વરસાદને કારણે પર્વત પાટિયા અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક લોકોને મુશ્કેલી ન પડે તે માટે NDRFની એક વિશેષ ટીમ ઘટનાસ્થળે તૈનાત કરી દેવામાં આવી છે.

કોઈ પણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા અને ત્વરિત રેસ્ક્યૂ કામગીરી માટે સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન, ઉધના ખાતે દ્રઢઈહ્વની બીજી બેકઅપ ટીમ સજ્જ રાખવામાં આવી છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને પૂર જેવા પાણી ભરાયેલા વિસ્તારોથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે. વલસાડ જિલ્લો હંમેશા ભારે વરસાદ દરમિયાન પૂરના ઝપેટમાં આવતો હોય છે. આ વખતે તંત્ર દ્વારા આગોતરું આયોજન કરીને નીચાણવાળા વિસ્તારોમાં સતત વોચ રાખવામાં આવી રહી છે. વલસાડના હનુમાન ભાગડા, દારૂડિયા વોર્ડ અને તારિયા વોર્ડ જેવા નીચાણવાળા વિસ્તારોમાં દ્રઢઈહ્વની ટીમો સતત મોનિટરિંગ કરી રહી છે. નદીઓ કે ખાડીઓના સ્તરમાં વધારો થાય તો સ્થાનિક લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે તમામ જરૂરી સાધન-સામગ્રી અને બોટ સાથે જવાનો સ્ટેન્ડબાય છે. રાજ્ય સરકાર અને દ્રઢઈહ્વની ટીમો વચ્ચે સતત સંપર્ક જાળવી રાખવામાં આવી રહ્યો છે. કોઈ પણ ઈમરજન્સી પરિસ્થિતિમાં ઝડપી રાહત અને બચાવ કામગીરી શરૂ કરી શકાય તે માટે કંટ્રોલ રૂમ પણ કાર્યરત કરાયા છે. નાગરિકોને અફવાઓથી દૂર રહેવા, સરકારી સૂચનાઓનું પાલન કરવા અને કટોકટીના સમયે સ્થાનિક ઈમરજન્સી નંબર પર સંપર્ક કરવા વિનંતી છે.

અમદાવાદના વટવામાં તળાવમાં ન્હાવા કૂદેલા બે બાળકોનું ડૂબી જતાં મોત

પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદના વટવામાં ગઈકારે સાંજે બે બાળકો નહાવા માટે કુદ્યા હતા અને બાદમાં ગુમ થઈ ગયા હતા. ગુમ થઈ ગયા બાદ ફાયરબ્રિગેડ, પોલીસ અને અન્ય રેસ્ક્યૂ ટીમને જાણ કરતા ઘટનાસ્થળે ધસી આવી હતી. આખી રાત સુધી બંને બાળકોને શોધવા માટે ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ બે બાળકોના મૃતદેહો મળી આવ્યા હતા.

આ મામલે વટવા પોલીસે જાણકારી આપતા જણાવ્યું હતું કે ગઈકાલ રાતથી જ અમે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું અને આજે સવારે બંને બાળકોના મૃતદેહો હાથ લાગ્યા હતા જેના બાદથી વિસ્તારમાં ગમગીની ફેલાઈ હતી. મૃતકોની ઓળખ ૧૩ વર્ષીય અરમાન ઈસ્લામુદ્દીન અને મોહમ્મદ અલી યાદઅલી સૈયદ તરીકે થઈ હતી. આ બંને બાળકો વટવામાં જિયા મસ્જિદ નજીકના વિસ્તારમાં રહેતા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

અમૂલ પાર્લરના બોર્ડમાંથી કરંટ લાગ્યો હતો

કરંટ લાગતા યુવકના મોત કેસમાં દુકાનદારને ૧ વર્ષની કેદ

અમદાવાદ , તા.૨૨

શહેરના બોપલ વિસ્તારમાં આવેલી 'દિવ્ય દર્શન' અમૂલ પાર્લર દુકાનના માલિકની ગંભીર નિષ્કાળજી અને બેદરકારીના કારણે ૧૮ વર્ષના નિર્દોષ યુવકનું વીજ કરંટ લાગવાથી મોત નીપજ્યું હતું. આ કેસમાં અમદાવાદ ગ્રામ્ય અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ નિર્મલસિંહ અર્જુનસિંહ ગઢવીની કોર્ટે આરોપી દર્શીલ જગદીશભાઈ મોદી (રહે. બોપલ)ને દોષિત ઠેરવી ૧ વર્ષની સાદી કેદ અને રૂ. ૫,૦૦૦ના દંડની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ જાહેર જગ્યા પર અવરજવર કરતા અન્ય લોકોની સલામતી કે તકેદારી રાખ્યા સિવાય તેમજ વીજ કંપનીની પરવાનગી લીધા વિના લોકોનું જીવન જોખમમાં મુકાય તેવું કૃત્ય કરી શકે નહીં. જો કોઈ વ્યક્તિ આવું કૃત્ય કરે અને તેનાથી અન્યનું મોત થાય તો તે બેદરકારીભર્યું કૃત્ય જ ગણાય. પોતાની દુકાનના ધંધાની જાહેરાત માટે કનેક્શન આપ્યું હોય ત્યારે અન્ય એજન્સીએ બોર્ડ લગાવ્યું હોવાના બહાના હેઠળ આરોપી પોતાની કાયદેસરની તકેદારી અને જવાબદારીમાંથી છટકી શકે નહીં. એક સામાન્ય સમજ અને બુદ્ધિમત્તા ધરાવતી વ્યક્તિ પાસે જે યોગ્ય તકેદારીની અપેક્ષા રાખવામાં આવે છે, તે મુજબ વર્તન ન થાય ત્યારે તે બેદરકારી છે. તમામ સંભાળ અને પૂરતી સાવચેતી રાખવા છતાં અણધાર્યો બનાવ બની જાય તેને જ અકસ્માત ગણાવી શકાય. આ કેસમાં સાવચેતીનો સદંતર અભાવ હતો. બોપલ દેના બેંક વાળી ગલીમાં જે.બી. પાર્ક ખાતે આરોપી દર્શીલ મોદી અમૂલ પાર્લર ચલાવતો હતો. તેણે પોતાની દુકાનની જાહેરાત માટ

દ. ગુજરાતમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ : જળબંબાકાર

નવસારી, તા.૨૨

નવસારીઃ દક્ષિણ ગુજરાતમાં ફરી ધોધમાર વરસાદ ખાબકતા નવસારી જિલ્લામાં આભ ફાટ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. અનરાધાર વરસાદના પગલે સમગ્ર સમગ્ર જિલ્લા પંથકમાં અત્ર-તત્ર સર્વત્ર વરસાદી પાણી પાણી ફરી વળ્યું છે અને સ્થિતિ અત્યંત વિકટ બની છે. મુશળધાર વરસાદને કારણે ચીખલી, વાંસદા, ખેરગામ, બીલીમોરા અને ગણદેવી સહિતના તાલુકા પંથકમાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હોવાની વિગતો સામે આવી રહી છે. હવામાન વિભાગે જાહેર કરેલી માહિતી મુજબ, નવસારી જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૩ ટકા વરસાદ વરસી ચૂક્યો છે, જેના કારણે જિલ્લાની નામચિન નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. ત્યારે ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાતા જિલ્લા વહીવટી તંત્ર પણ લોકો માટે મેદાને ઉતર્યું છે અને સ્કૂલ-કોલેજો જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં રજાની જાહેરાત કરી હતી.

ભારે વરસાદને કારણે બીલીમોરાના ગોહરબાગ અને દેસરા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ



સર્જાઈ છે. કાંઠાની કાવેરી અને અંબિકા નદીઓમાં ઘોડાપૂર આવ્યા છે. નદીઓ ઓવરફ્લો થતાં પૂરના પાણી હવે સીધા બીલીમોરા શહેરમાં ઘૂસી ગયા છે, જેને કારણે રસ્તાઓ નદીમાં ફેરવાયા છે. બીજી તરફ, દેસરા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. મુશળધાર વરસાદથી ગામ પાણી પાણી થઈ ગયું છે. ગામના અનેક વિસ્તાર પાણીમાં ડૂબ્યા છે. કાવેરી નદી બીલીમોરા શહેરમાંથી પસાર થવા માંડી છે.

નદીના પાણી ભરાવાના કારણે ડ્રેનેજ લાઈનો બેક મારી રહી છે, જેનાથી તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી ગઈ છે. સોસાયટીઓના મુખ્ય રસ્તાઓ સંપૂર્ણ બંધ છે. સ્થિતિ વધુ વિકટ બનતા જિલ્લામાંથી દ્રઢઈહ્વની ટીમ બોલાવવામાં આવી છે. પરિસ્થિતિ કાબૂ બહાર જતાં વહીવટી તંત્ર દ્વારા દ્રઢઈહ્વ અને જીદ્રઢઈહ્વની ટીમોને મેદાનમાં ઉતારવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું યુદ્ધના ધોરણે રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે.

આ તરફ ચીખલીમાં પણ કાવેરી નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. કાવેરી નદીના જળસ્તરમાં વધારો થઈ રહ્યો છે. જેના કારણે રિવરફ્રન્ટનો પાણીમાં ગરકાવ થયો છે. નદીમાં ઘોડાપૂરને કારણે તડકેશ્વર મહાદેવનું મંદિર નદીમાં ગરકાવ થયો છે, સાથે જ જલારામ મંદિરમાં પણ પાણી ભરાયા છે. આ તરફ ભારે વરસાદને કારણે ખૂંદ ગામે આવેલ સ્મશાનમાં પણ પાણી ભરાઈ જવા પામ્યા છે. જો કોઈનું નિધન થાય તો અંતિમ સંસ્કાર કરવો પણ મુસીબત થઈ જવા પામી છે, જેથી નદી કાંઠે આવેલા વિસ્તારમાં રહેતા લોકોને તંત્ર દ્વારા સાવચેત કરાયા છે. લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી છે અને ચીખલી પોલીસના જવાનો પણ બંદોબસ્તમાં ખડકી દેવાયા છે.

સરકાર તરફથી સામે આવેલી માહિતી અનુસાર, નવસારીમાં તારાજીની સ્થિતિ વચ્ચે કાવેરી નદી ભયજનક સપાટી વટાવતા બીલીમોરા શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે કાવેરી કાંઠાના ૩૦ ગામોને એલર્ટ કરાયા છે. બીલીમોરાથી ૪૩ લોકોનું રેસ્ક્યૂ કરાયું છે, જ્યારે ગણદેવીમાંથી ૧૧ લોકોનું અને ચીખલી, હરણ ગામથી ૨૧ લોકોનું રેસ્ક્યૂ કરાયું છે અને ૧૯૦ લોકોને સ્થળાંતર કરાયા છે, ત્યારે સ્થિતિને જોતા હાલમાં પણ જિલ્લામાં બે SDRFની ટીમ તૈનાત છે. અંબિકા તેમજ કાવેરી નદીમાં જળ સ્તર સતત વધી રહ્યા છે. જેને કારણે ગણદેવીના તલોધ ગામે એક મહિલા પાણીમાં તણાઈ હતી. તલોધ રેલવે અંડર પાસમાંથી નીકળવા જતા પાણીના પ્રવાહમાં એક મહિલા અંબિકા નદીમાં ખેંચાઈ ગઈ હતી. જે મામલે બીલીમોરા ફાયર વિભાગના જવાનો મહિલાની શોધખોળ હાથ ધરી છે. આ તરફ નદીમાં પાણી વધતા ભાઠા ગામનું ઘોલ ફળિયું સંપર્ક વિહોણું બન્યું છે. ઘોલ ફળિયાના અંદાજિત ૨૦૦થી વધુ ઘરોનો સંપર્ક કપાયો છે.

રેલવેએ મુસાફરોને કરી અપીલ

અતિભારે વરસાદના કારણે દક્ષિણ ગુજરાતનો રેલવે વ્યવહાર ખોરવાયો

નવી દિલ્હી, તા.૨૨

દક્ષિણ ગુજરાતમાં સતત વરસી રહેલા અતિભારે વરસાદની અસર હવે રેલવે વ્યવહાર પર પણ જોવા મળી રહી છે. ઉદવાડા-પારડી રેલખંડ પર ભારે વરસાદને કારણે માટી ધસી પડવાની ઘટના બનતા ટ્રેન વ્યવહાર પ્રભાવિત થયો છે. સુરક્ષાના કારણોસર પશ્ચિમ રેલવેએ અનેક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરી છે તેમજ મુસાફરોને ઘરેથી નીકળતા પહેલા પોતાની ટ્રેનનો સમય અને સ્ટોપેજ ચકાસીને જ પ્રવાસ કરવા અપીલ કરી છે.

ભારે વરસાદના કારણે ઉદવાડા અને પારડી સ્ટેશન વચ્ચે રેલવે ટ્રેક નજીક માટી ધસી પડતાં ટ્રેન સંચાલન પર સીધી અસર પડી છે. રેલવે દ્વારા અસરગ્રસ્ત ટ્રેક પર સતત નજર રાખવામાં આવી રહી છે અને સલામતીને પ્રાથમિકતા આપીને ટ્રેનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

રેલવે પ્રશાસને હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેટલીક મહત્વની ટ્રેનોના રૂટમાં ફેરફાર કર્યો

અમદાવાદ-બાંદ્રા કર્ણાવતી એક્સપ્રેસને વલસાડ સુધી શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે.

અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ ડબલ ડેકર એક્સપ્રેસને નવસારી સુધી જ દોડાવવામાં આવશે.

ભુજ-દાદર સયાજીનગરી એક્સપ્રેસને સુરત સુધી શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે.

પરત ફરતી ટ્રેનોના પ્રસ્થાન સ્થળમાં પણ ફેરફાર

રેલવે દ્વારા પરત ફરતી ટ્રેનોના પ્રસ્થાન સ્થળમાં પણ ફેરફાર કરવામાં આવ્યો

બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસ આજે વલસાડથી ઉપડશે.

ડબલ ડેકર એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલના બદલે નવસારીથી પ્રસ્થાન કરશે. સયાજીનગરી એક્સપ્રેસ દાદરના બદલે સાંજે સુરતથી ઉપડશે. મુસાફરોને ટ્રેનનું સ્ટેટસ ચકાસવાની અપીલ. રેલવે પ્રશાસને મુસાફરોને અપીલ કરી છે કે તેઓ ઘરેથી નીકળતા પહેલાં પોતાની ટ્રેનનો સમય, રૂટ, સ્ટોપેજ અને હાલની સ્થિતિની માહિતી મેળવી લે. ભારે વરસાદને કારણે ટ્રેન સંચાલનમાં વધુ ફેરફાર થવાની શક્યતા હોવાથી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા પણ જણાવાયું છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેની ટીમો સતત ટ્રેકનું નિરીક્ષણ કરી રહી છે. જ્યાં જરૂરી હોય ત્યાં તાત્કાલિક મરામત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે જેથી પરિસ્થિતિ સામાન્ય બનતા ટ્રેન વ્યવહારને ઝડપથી પૂર્વવત કરી શકાય. દક્ષિણ ગુજરાતમાં આજે પણ વહેલી સવારથી જ વરસાદ વરસી રહ્યો છે.

નીટ પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે ગુજરાત કોંગ્રેસનું ઉગ્ર પ્રદર્શન

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૨૧

નીટ પેપર લીક મામલે દિલ્હીમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીના વિરોધ અને અટકાયત બાદ તેના પડઘા ગુજરાતમાં પણ પડ્યા છે. કેન્દ્રીય શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાયા બાદ કોંગ્રેસે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. બેઠક પૂર્ણ થતાં જ નેતાઓ અને કાર્યકરોએ કાર્યાલય બહાર ધસી આવીને રસ્તા પર ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે ધરણા કર્યા હતા અને વિરોધ કૂચ કાઢી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, આજે ભાજપના નેતાઓએ પોતાની નિષ્ફળતા બદલ શરમ અનુભવવી જોઈએ, પરંતુ તેઓ લાજવાને બદલે ગાજી રહ્યા છે. ભાજપની ડબલ એન્જિન સરકારના શાસનમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનેક વખત પેપર લીક થયા, પરીક્ષાઓ રદ થઈ અને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ગંભીર ચેડાં થયા છે. તાજેતરમાં નીટ પરીક્ષા પેપર લીકની ઘટનાએ સમગ્ર દેશના યુવાનોમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે. ભાજપના મળતિયાઓએ સમગ્ર પરીક્ષા પદ્ધતિ, ભરતી પ્રક્રિયા અને શિક્ષણ વ્યવસ્થાને ભ્રષ્ટ બનાવી દીધી છે. જેના કારણે લાખો પરીક્ષાર્થીઓ આજે પોતાના ભવિષ્ય અંગે ચિંતિત છે અને સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરીને ન્યાયની માંગ કરી રહ્યા છે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા "છાત્ર ગુંજ" અભિયાનના માધ્યમથી વિદ્યાર્થીઓના પ્રશ્નોને રાષ્ટ્રીય સ્તરે ઉઠાવવામાં આવ્યા છે. આજે દેશનો એક-એક વિદ્યાર્થી, એક-એક પરિવાર અને દરેક જાગૃત નાગરિક કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યો છે. પરંતુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જે દરેક મુદ્દે ભાષણો કરે છે, તેઓ વિદ્યાર્થીઓના પ્રશ્નો, પરીક્ષા કૌભાંડો અને આત્મહત્યાની દુઃખદ ઘટનાઓ અંગે એક શબ્દ પણ બોલતા નથી. તેમણે કહ્યું કે દેશભરમાં વિદ્યાર્થીઓના આત્મહત્યાના બનાવો ચિંતાજનક છે, છતાં કેન્દ્ર સરકાર મૌન છે.

કોંગ્રેસની આ વિરોધ કૂચ દરમિયાન ચાર રસ્તા નજીક કાર્યકરો અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. વિરોધને વધુ ઉગ્ર બનાવતાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિતના નેતાઓ રસ્તા પર જ બેસી ગયા હતા. રોષે ભરાયેલા કેટલાક કાર્યકર્તાઓ તો વિરોધ નોંધાવવા માટે પોલીસની ગાડીઓ પર પણ ચઢી ગયા હતા. સ્થિતિ વણસતાં ચુસ્ત બંદોબસ્ત સાથે તૈનાત પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા નેતાઓ અને કાર્યકરોના અટકાયતનો દોર શરૂ કર્યો હતો. રસ્તા પર બેસીને વિરોધ પ્રદર્શન કરી રહેલી મહિલા કાર્યકરોની પણ પોલીસે અટકાયત કરી હતી. થોડા સમય માટે ભારે ઘર્ષણની સ્થિતિ પેદા થઈ ગઈ હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય બહાર ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૨૧

નીટ પેપર લીક મુદ્દે ગઈકાલે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન બહાર રાહુલ ગાંધીના નેતૃત્વમાં યોજાયેલા ધરણાંના ઘેરા પ્રત્યાઘાતો હવે ગુજરાતમાં પણ જોવા મળી રહ્યા છે. દિલ્હીના પ્રદર્શનના વળતા જવાબમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા અમદાવાદ સ્થિત કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય 'રાજીવ ગાંધી ભવન' ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન અને ધરણાં યોજવામાં આવ્યા હતા.

આ વિરોધ પ્રદર્શનમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સહિત પ્રદેશ પદાધિકારીઓ, વરિષ્ઠ આગેવાનો અને મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો જોડાતાં માહોલ ગરમાયો હતો. ભાજપના કાર્યકરો હાથમાં પ્લે કાર્ડ્સ લઈને કોંગ્રેસ કાર્યાલય બહાર પહોંચ્યા હતા અને "કોંગ્રેસ હાય હાય" તથા "રાહુલ ગાંધી હાય હાય"ના નારા લગાવી રોડ પર બેસી ગયા હતા. બીજી તરફ, ભાજપના આક્રમક વિરોધને જોતાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો પણ કાર્યાલયના પગથિયાં પર બેસી ગયા હતા. કોંગ્રેસ દ્વારા પણ ભાજપના વિરોધમાં "મોદી-શાહ હાય હાય" અને "ચોકીદાર ચોર હૈ"ના સામસામે તીખા નારા લગાવવામાં આવ્યા હતા, જેના કારણે બંને પક્ષના કાર્યકર્તા વચ્ચે ભારે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી.

સ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ પ્રશાસન દ્વારા સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવાયો હતો. ઝોન ૭ સહિત આસપાસના વિવિધ પોલીસ સ્ટેશનોની ટીમો સાથે જેસીપી, ડીસીપી, એસીપી, પીઆઈ અને પીએસઆઈ સહિતનો મોટો પોલીસ કાફલો ઘટનાસ્થળે ખડકી દેવાયો હતો. કોંગ્રેસ ભવન તરફ આવતા મુખ્ય રસ્તાઓ પર પોલીસે ડબલ લેયર બેરિકેડ્સ લગાવીને આખા વિસ્તારને કોર્ડન કરી લીધો હતો.

ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે સીધું ઘર્ષણ ટાળવા માટે પોલીસે સમગ્ર વિસ્તાર પર ડ્રોન કેમેરાથી કડક નજર રાખી હતી. પોલીસે કોંગ્રેસ કાર્યાલયને ચારેય તરફથી ઘેરી લઈને નેતાઓ અને કાર્યકરોને બહાર નીકળતા અટકાવ્યા હતા. હાલ સ્થિતિ નિયંત્રણ હેઠળ છે, પરંતુ અમદાવાદમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે.

બીજી બાજુ રાજકીય ઘર્ષણની સ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદના ખાનપુર સ્થિત ભાજપ કાર્યાલય ખાતે પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે. પોલીસ કમિશનરની ખાસ સૂચના બાદ કાર્યાલય પરિસરમાં આશરે ૪૦૦ જેટલા પોલીસ જવાનોને ચુસ્ત બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવ્યા છે.

સુરક્ષા સ્થિતિ સમીક્ષા દરમિયાન પોલીસ કમિશનરે હાજર અધિકારીઓને કડક આદેશ આપ્યા છે કે, "અહીં કોઈ અનિચ્છનીય બનાવ બનવો જોઈએ નહીં અને કોઈ પણ અજાણ્યા કે શંકાસ્પદ વ્યક્તિને અંદર પ્રવેશવા દેવા જોઈએ નહીં.

થર્મલ ચિત્રો પ્રમાણે અમદાવાદમાં દીપડાની હાજરીની કોઈ પુષ્ટિ નહીંઃ વન વિભાગ

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૨૧

તાજેતરમાં બોપલમાં દીપડાની હિલચાલના અહેવાલ બાદ રહીશોમાં ભારે ભય ફેલાયો છે. જેના કારણે સવારે ચાલવા જનારાઓની સંખ્યા પણ ઘટી ગઈ હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે વન વિભાગ દ્વારા વિસ્તારમાં વન્યજીવની હાજરીની પુષ્ટિ કરવા અને જરૂરી પુરાવા એકત્ર કરવા માટે ૩૦થી વધુ ટીમોને ક્ષેત્રીય તપાસ માટે મેદાનમાં ઉતારવામાં આવી છે.

સામાજિક વનીકરણ વિભાગ, અમદાવાદના જણાવ્યા મુજબ પરંપરાગત અને આધુનિક ટેકનોલોજી બંને પદ્ધતિઓનો ઉપયોગ કરીને અલગ-અલગ સ્થળોએ ૨૪ કલાક રાઉન્ડ-ધ-ક્લોક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે દીપડો ખરેખર આ વિસ્તારમાં આવ્યો છે કે નહીં તે સુનિશ્ચિત કરવા માટે પગમાર્ક (પગલાંના નિશાન), મળ, કેમેરા ટ્રેપના ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓની માહિતી જેવા પ્રત્યક્ષ અને પરોક્ષ પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે.

સર્વેલન્સ કામગીરી દરમિયાન વન વિભાગ દ્વારા તૈનાત કરાયેલા એક થર્મલ ડ્રોનમાં આ વિસ્તારમાં નીલગાય (રોઝ) ફરતી હોવાનું કેપ્ચર થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના દર્શાવે છે કે શહેરના સીમાવર્તી વિસ્તારોમાં વન્યજીવોની અવરજવર રહે છે, પરંતુ અત્યાર સુધી મળેલા થર્મલ ચિત્રોમાંથી દીપડાની હાજરીની કોઈ પુષ્ટિ થઈ નથી.

ઘુમા, શીલા અને બોપલમાં ૩૦થી વધુ ટીમો સિસ્ટેમેટિકલી ખુલ્લી જમીનો, ઝાડી-ઝાંખરાવાળા વિસ્તારો અને અન્ય સંભવિત વન્યજીવ નિવાસસ્થાનોનું સર્વેક્ષણ કરી રહી છે. વન વિભાગ દરેક પુરાવાનું ઝીણવટથી વિશ્લેષણ કરી રહ્યું છે અને કોઈ છેલ્લા નિષ્કર્ષ પર પહોંચતા પહેલા સંપૂર્ણ તપાસ કરી રહ્યું છે. આ સાથે જ વિભાગે રહીશોને ભયભીત ન થવા અને સોશિયલ મીડિયા પર કોઈ પણ બિન-ચકાસાયેલ અફવાઓ કે માહિતી ન ફેલાવવા નાયબ વન સંરક્ષકની અમદાવાદ કચેરીએ અપીલ કરી છે.

ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત જોઈને બીટકોઈનમાં રોકાણની લ્હાયમાં યુવકે રૂ. ૧૦ લાખ ગુમાવ્યા

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૨૧

અમદાવાદના બીએસટી આઈટી થયેલા એક યુવાને ગઠિયાઓ દ્વારા ઈન્ટ્રાગ્રામમાં બીટકોઈનમાં રોકાણ દ્વારા નફો કમાવાની લ્હાયમાં રૂ. ૧૦ લાખ ગુમાવ્યા છે. ગઠિયાઓએ યુવકને કંપની સેબીમાં રજીસ્ટર હોવાના પણ પુરાવા આપવામાં આવ્યા હતા. યુવકને રીલ જોઈને કમાવવાનો ચસ્કો લાગતા ગઠિયાઓએ તેની પાસેથી રૂ. ૧૦ લાખથી વધુની રકમ પડાવી લીધી હતી.

સાયબર ક્રાઈમમાં નોંધાયેલા ફરિયાદ અનુસાર ગોતામાં રહેતા ૨૦ વર્ષીય મયુર પટેલે ગણપત યુનિવર્સિટીમાં બી.એસ.સી આઈટીનો અભ્યાસ પૂર્ણ કરેલ છે. મયુર પટેલને ઈન્સ્ટાગ્રામમાં રીલ જોતા સમયે બાદશાહ બ્રોકિંગ નામથી બીટકોઈનમાં ઈન્વેસ્ટ કરવાની અને ઘરે બેઠા સારો નફો મેળવવાની જાહેરાત જોઈ હતી. જેથી મયુર પટેલે જાહેરાત પર ક્લિક કરતા વ્હોટ્સઅપ ચેટ ઓપન થઈ હતી. તેથી નફો મેળવવાની લાલચમાં મયુર પટેલે તે નંબર પર મેસેજ કર્યો હતો.

સામેથી બાદશાહ નામના ગઠિયાએ નફો તેમજ ૧ ટકા કમિશન આપવાની લાલચ આપીને યુવકે તેના તમામ યુપીઆઈ આઈડી મોકલ્યા હતા અને થોડા દિવસમાં રોકાણ કરેલ રૂપિયાની વિગતો માંગતા વ્હોટસએપ નંબર પરથી એક બિલ જેવી રસીદનો ફોટો મોકલવામાં આવ્યો હતો. સાયબર ગઠિયાઓએ મોકલેલી રસીદમાં અલગ અલગ પ્રકારે નફો બતાવવામાં આવ્યો હતો.

ગુજરાતમાં ચોમાસાની જમાવટ : હજુ ચાર દિવસ ભારે

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૨૧

ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. આગામી ચાર દિવસ માટે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સૌની વચ્ચે હવામાન વિભાગની નાઉકાસ્ટ હેઠળ પણ ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ જારી કરવામાં આવી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં અપર એર સાયકલોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન સક્રિય હોવાથી વરસાદી માહોલ સર્જાયો છે. આ સિસ્ટમોના પ્રભાવ હેઠળ દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં વરસાદનું જોર વધુ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને ત્યારબાદ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ અને કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આવતીકાલે પણ નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી માટે રેડ અલર્ટ યથાવત રાખવામાં આવ્યું છે, જ્યાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારો માટે પણ ખાસ ચેતવણી આપવામાં આવી છે. આગામી ત્રણ દિવસ સુધી માછીમારોએ દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે ન્જી-૩ સિગ્નલ જાહેર કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે ભારે વરસાદની આગાહી છતાં રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો કુલ વરસાદ સામાન્યની સરખામણીએ અંદાજે ૩૧ ટકા ઓછો નોંધાયો છે. હવામાન વિભાગે નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા અને સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.

આજે સાંજે ચાર વાગ્યા સુધીમાં નોંધપાત્ર પડેલા વરસાદના આંકડાઓ જોતા જણાય છે કે વલસાડમાં ૯.૫૭, ઉમરગામમાં ૮.૪૩, પારડીમાં ૮.૧૫, ખેરગામમાં ૬.૭૭, પલસાણામાં ૬.૦૨, ગણદેવીમાં ૫.૪૭, ચીખલીમાં ૫.૩૫, મહૂવામાં ૪.૯૬, બારડોલીમાં ૪.૮૪, વાલોદમાં ૪.૬૧, કપરાડામાં ૪.૫૩, નાનાપોંઢામાં ૪.૪૫, અંબિકામાં ૪.૩૩, વ્યારામાં ૪.૨૯, જલાલપોરમાં ૪.૧૩, ધરમપુરમાં ૪.૦૬, વાપીમાં ૪.૦૬, નવસારીમાં ૩.૭૮, ઉકાઈમાં ૩.૩૯, સોનગઢમાં ૩.૧૧, વાંસદામાં ૨.૭૬, ડોલવણમાં ૨.૭૨, ઉમરપાડામાં ૨.૦૯ અને ઝઘડિયામાં ૨.૦૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

અમદાવાદ એરપોર્ટ પરથી વધુ ૧.૧૩ કરોડથી વધુનું સોનું ઝડપાયું

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૨૧

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી કસ્ટમ દ્વારા વારંવાર મુસાફરો પાસેથી સંતાડીને લાવવામાં આવતું સોનું પકડી પાડવામાં આવતું હોવા છતાં આ પ્રવૃત્તિ બેરોકટોક ચાલુ રહી છે. તેવામાં આજે કસ્ટમ વિભાગ દ્વારા અબુધાબીથી આવેલા મુસાફરો પાસેથી રૂ. ૧.૧૩ કરોડથી વધુની કિંમતનું ૭૭૦.૩૩ ગ્રામ સોનું ઝડપી પાડવામાં આવ્યું છે.

બહારથી આવેલા મુસાફરો ચાંપતી નજર રાખવામાં આવે છે ત્યારે અબુધાબીથી અમદાવાદ આવેલી ફ્લાઈટમાં એક મુસાફરની શંકાસ્પદ હિલચાલને આધારે તપાસ કરતા તેની પાસેથી આ કિંમતી સોનું મળી આવ્યું હતું. કસ્ટમ્સ અધિકારીઓની પ્રાથમિક પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, એક ટૂર ઓપરેટર સામાન્ય મુસાફરોનો ઉપયોગ કરીને સોનાની ગેરકાયદેસર દાણચોરી કરાવી રહ્યો હતો.

આ ટૂર ઓપરેટરનો ખુલાસો થતાં જ કસ્ટમ્સ વિભાગે તુરંત કાર્યવાહી કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવતા ટૂર ઓપરેટરની ધરપકડ કરી લીધી છે. આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ સાથે સંકળાયેલા આ સમગ્ર નેટવર્ક અને અન્ય સંડોવાયેલા લોકો સુધી પહોંચવા માટે વિભાગ દ્વારા વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

બહેરામપુરા વિસ્તારમાં ધંધાની અદાવતમાં યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલા બહેરામપુરાના ચારમાળિયા ખાતે મોડી રાત્રે હત્યાની એક ગંભીર ઘટના સામે આવી છે. સંતોષનગર નજીક આવેલી ચાંદ શહીદ મસ્જિદની ગલીમાં ૨૨ વર્ષના એક યુવક પર ધારદાર હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર ઈજાઓને કારણે યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.પ્રાથમિક માહિતી અનુસાર, આ હત્યા દ્રઢૅજી (નાર્કોટિક્સ) સંબંધી ગેરકાયદેસર ધંધાની અદાવતને લઈને થઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, છેલ્લા એક અઠવાડિયાથી આ મુદ્દે બે જૂથો વચ્ચે સતત તણાવ અને ગેંગવોર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ અગાઉ પણ એક વખત જીવલેણ હુમલાનો પ્રયાસ થયો હતો, જે સંદર્ભે પોલીસે આરોપીઓ સામે કાનૂની કાર્યવાહી પણ કરી હતી. છતાં મોડી રાત્રે ફરી હિંસક અથડામણ સર્જાતાં આ હત્યાની ઘટના બની હતી.ઘટનાની જાણ થતાં જ દાણીલીમડા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારનો કબજો મેળવી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક કાર્યવાહી દરમિયાન પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો છે, જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય શખ્સોની શોધખોળ ચાલુ છે. હત્યા પાછળનું ચોક્કસ કારણ, ઘટનામાં કેટલા લોકો સામેલ હતા અને દ્રઢૅજી સંબંધી અદાવતનો કેટલો સંબંધ છે તે અંગે પોલીસ તમામ પાસાઓથી તપાસ ચલાવી રહી છે. હાલ ઘટનાસ્થળ અને સમગ્ર વિસ્તારમાં શાંતિ જાળવવા પોલીસ બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે.મૃતકના ભાઈ અફઝલ યાસીન સૈયદે જણાવ્યું કે, હું બહેરામપુરા સંતોષ નગર ચાર માળિયામાં રહું છું. આજે એક નંબર ગેટ પાસે રહેતા હુસૈન અને અન્ય ચાર-પાંચ જણાએ ભેગા મળીને મારા ભાઈના ગળે છરીના ઘા ઝીંકીને તેની હત્યા કરી નાખી છે. એમડી ડ્રગ્સના ધંધાને લઈને છેલ્લા ૧૫ દિવસથી બે જૂથો વચ્ચે દુશ્મનાવટ ચાલી રહી હતી. આ બાબતે પોલીસને બધી જ ખબર હોવા છતાં તેઓ કોઈ જ ધ્યાન આપતા નથી. આ જ લોકોએ બે દિવસ પહેલાં એક બીજા નિર્દોષ છોકરાને પણ છરી મારી હતી, જેણે મર્ડર કરાવ્યું તે લોકો અંદર જ હતા પરંતુ પોલીસે આજે તેમને છોડી દીધા, અને આજે તેમણે મારા ભાઈને મારી નાખ્યો છે.અન્ય એક મહિલાએ જણાવ્યું કે, જે છોકરાની હત્યા થઈ તેને આ ઝઘડા સાથે કોઈ લેવાદેવા નહોતી, તે બિચારો સીધોસાદો રિક્ષાચાલક હતો અને અમારી પાસે ઊભો હતો, ત્યારે જ પાંચ-છ લોકો પાછળથી આવ્યા અને તેને દોડાવીને ત્યાં જ મારી નાખ્યો. અમે પોલીસ અને ૧૦૮ ને જાણ કરી પરંતુ તેઓ ખૂબ મોડા આવ્યા; દાણીલીમડા પોલીસ અમારી કોઈ વાત સાંભળતી જ નથી અને અમે ૧૦-૧૫ જેટલી ફરિયાદો કરી હોવા છતાં તેઓ ગુનેગારોને પકડવાના બદલે માત્ર દેખાડો કરે છે. આનું કાર